**સુવિચાર**

જે કંઈ વિચારો તે બધું જ બોલી નહીં નાખતા પણ જે બોલો તેના પર વિચાર જરૂર કરજો

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૯/૧૧/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ કારતક સુદ–૮ વર્ષ : ૧૫ અંક : ૨૭૫



ફ્રી ઓપરેશન શ્રેષ્ઠ સારવાર આધુનિક સુવિધા ફ્રી ઓપરેશન

અકસ્માત ઈજા-ફ્રેકચર | સિઝેરીયન પ્રસુતિ | સારણગાંઠ | વધરાવળ | પથરી-પ્રોસ્ટેટ-કિડનીના રોગો | રસોળી-ચરબીની ગાંઠ
ઘુંટણની ગાદી-તાણીયાની ઈજા | એપેન્ડીક્ષ | પિતાશયની પથરી | હરસ-મસા-ફિશર | સ્ત્રીઓમાં છાતીમાં ગાંઠ | ફ્રી ડાયાલીસીસ સારવાર

દૂરબીનથી ઓપરેશન
(લેપ્રોસ્કોપિક એન્ડ એન્ડોસ્કોપિક સર્જરી) ફ્રી
- પથરી,
- પ્રોસ્ટેટ,
- કિડનીના રોગો તથા એપેન્ડીક્ષ,
- પિતાશય વગેરેનાં લેપ્રોસ્કોપિક
- તથા એન્ડોસ્કોપિક પધ્ધતિ દ્વારા ઓપરેશન

નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦


## મહાઆરતી, શોભાયાત્રા અને મહાપ્રસાદ સહિતનાં કાર્યક્રમો દ્વારા

# અમરેલીમાં પૂ. જલારામબાપાની જન્મજયંતીની આસ્થાભેર ઉજવણી

**લીલીયા માર્ગ ઉપર આવેલ જલારામ મંદિરેથી વિશાળ શોભાયાત્રાનું પ્રસ્થાન થયું**

**શહેરનાં ડો. જીવરાજ મહેતા, ટાવર ચોક, કાશ્મીરા ચોક સહિતનાં વિસ્તારોમાં શોભાયાત્રાનું ઉષ્માભેર સ્વાગત થયુ**

**દરેક સમાજનાં આગેવાનો દ્વારા પૂ. જલારામ બાપાની ચરણ વંદના કરવામાં આવી**

**નાયબ દંડક કૌશિક વેકરિયા, મુકેશ સંઘાણી, ડો. ગજેરા સહિતનાં આગેવાનો પણ શોભાયાત્રામાં જોડાયા**



અમરેલી, તા. ૮

અમરેલી ખાતે આજે લોહાણા મહાજનનાં નેતૃત્વમાં સંત શિરોમણી પૂ. જલારામબાપાની ૨૨૫મી જન્મજયંતીની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

અમરેલીમાં લીલીયા માર્ગ ઉપર આવેલ જલારામ મંદિરે અન્નકૂટનાં દર્શન યોજાયા હતા. તો બપરોનાં ૪ કલાકે વિશાળ શોભાયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. જે ડો. જીવરાજ મહેતા ચોક, ટાવર ચોક, કાશ્મીરા ચોક થઈને શહેરનાં રાજમાર્ગો પર ફરીને લાઠી માર્ગ પર આવેલ જલારામ મંદિરે સમાપન થયું હતું.

ડો. જીવરાજ મહેતા ચોકમાં પૂ. જલારામબાપાની શોભાયાત્રાનું વિહિપનાં અગ્રણી ડો. ગજેરા, ડો. દેસાણી, એડવોકેટ દદુભાઈ ખાચર, મજબુતભાઈ બસિયા વિગેરે આગેવાનોએ સ્વાગત કર્યીને પૂ. જલારામબાપાની ચરણ વંદના કરી હતી. તો ટાવર ચોકમાં નાયબ દંડક


અનુસંધાન પાના ૬ ઉપર


## વાઘણીયા માર્ગ ઉપર ઝેર ગટગટાવ્યું

# બગસરાનાં જુની હળિયાદ ગામનાં યુવકે ઝેરી દવા પી લેતા મોત નિપજયુ

**સારવાર દરમિયાન યુવકે અંતિમ શ્વાસ લીધા**

અમરેલી, તા. ૮, બગસરા તાલુકાના જુની હળીયાદ ગામે રહેતા ભાવેશ વાઘાભાઈ દાડફા નામનાં ૨૭ વર્ષિય યુવકે ગત તા. ઉનારાત્રીના ૮:૩૦ વાગ્યે વાઘણીયા અને બગસરા વચ્ચે રોડ ઉપર પેટ્રોલપંપ પાસે પોતે પોતાની મેળે ઘઉંમાં નાખવાના ટીકડા પી જતા પેટ્રોલપંપ પાસે ઉલ્ટી કરતા હોય તે હાલતમાં પડેલ હોય. તેમને ૧૦૮ માં અમરેલી સિવિલ હોસ્પિટલ લઈ જતા ત્યાં સારવાર દરમ્યાન તા. ૭ના રોજ તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## કોઈ અગમ્ય કારણોસર પગલુ ભર્યુ

# લાઠીનાં છભાડીયા ગામનાં ૧૯ વર્ષિય યુવકે ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા પી લીધા

**સારવાર દરમિયાન યુવકનું મોત નિપજયું**

અમરેલી, તા. ૮

લાઠી તાલુકાના છભાડીયા ગામે રહેતા જયદીપ નરેશભાઈ બગડા નામનાં ૧૯ વર્ષિય યુવકે ગત તા. ૬ના રોજ સવારના આશરે નવ–સાડા નવેક વાગ્યાના અરસામાં છભાડીયા ગામે કોઈ અગમ્ય કારણોસર ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા પી જતા તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.


જોઈએ છે
કોમ્પ્યુટર ઓપરેટર..........૨
CorelDraw, Photoshop, PageMaket-7,
તથા ગુજરાતી ટાઈપીંગનાં અનુભવી
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨ : ૩૦ થી ૧ : ૩૦
અમરેલી એક્સપ્રેસ
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીનાં જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ ગ્રાઉન્ડ ફલોરની દુકાન નં.૧૩૭ વેચવાની છે.
:: સંપર્ક કરો ::
શ્રી જેરામભાઈ સોહેલીયા
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

અમરેલી એક્સપ્રેસ
એજન્સી આપવાની છે...
અમરેલી જિલ્લાનાં લાઠી, દામનગર, ચિતલ, સા.કુંડલા રાજુલા, વીજપડી, ધારી, ચલાલા, વડિયા, માં 'અમરેલી એક્સપ્રેસ' દૈનિકની એજન્સી આપવાની છે, એજન્સી માટે ઈચ્છુક ઉમેદવારોએ રૂબરૂ સંપર્ક કરવો.
સંપર્ક
મનોજ રૂપારેલ – તંત્રી
મો.૯૮૨૫૦ ૦૭૪૪૩
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ – અમરેલી

હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
રિસેપ્સનિસ્ટ (લેડીઝ)
કમ્પ્યુટર તેમજ ૧૨ પાસ
પગાર ધોરણ :
૭,૫૦૦/- થી ૮,૫૦૦/-
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

માધવ ઓર્થોપેડીક હોસ્પિટલ
અમરેલી શહેરની નામાંકિત ઓર્થોપેડીક હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે...

| | |
|---|---|
| સિક્યુરીટી ડે-નાઈટ | એક્સ-રે ટેકનીશ્યન |
| રિસેપ્સનીષ્ટ ડે-નાઈટ | નર્સીંગ સ્ટાફ (GNM) ડે-નાઈટ |
| સ્વીપર ડે-નાઈટ | મેડીકલ ઓફિસર ડે-નાઈટ |
| કમ્પાઉન્ડર ડે-નાઈટ | એકાઉન્ટન્ટ |
| ઓપરેશન થીયેટર-આસીસ્ટન્ટ ડે-નાઈટ | |

રૂબરૂ સંપર્ક કરવો
ડો.હિતેષ ગાંધિ
માધવ ઓર્થોપેડીક હોસ્પિટલ
જલારામ મંદિર સામે, લીલીયા રોડ – અમરેલી

નૂતન વર્ષાભિનંદન નિમિતે શુભેચ્છાઓ
તમને અને તમારા પરિવાર માટે નવુ વર્ષ સુખ સમૃધ્ધિ આનંદમય અને શાંતિપૂર્વક બની રહે એવી નવા વર્ષની શુભેચ્છાઓ..

:: શુભેચ્છક::
શ્રી જીતેન્દ્રભાઈ વાળા
કોંગ્રેસ અગ્રણી
મુ. અડતાળા, તા. લાઠી, જી. અમરેલી

### જીવન સંઘર્ષમાં કારે જરૂરી મદદ કરી હોવાથી

# લાઠીનાં પાડરશિંગા ગામનાં ખેડૂતે તેમની કારને વાજતે–ગાજતે જમીનમાં સમાધિ આપી

## ૧૨ ફૂટ ઊંડો ખાડો ખોદીને વિધિવિધાન સાથે કારને સમાધિ આપી

અમરેલી, તા. ૮

સમાજમાં સંતો, મહંતોના દેહવિલયબાદ તેમની સમાધિઓ બનતી હોય છે. જયારે અમુક સમાજમાં વ્યકિતઓમાં મૃત્યુ પામે તો મૃતકોની સમાધિઓ બનાવતા હોવાના કિસ્સાઓ સાંભળ્યા કે જોવા મળે છે. જેમની સમાધિઓ પણ હજુ હયાત હોવાના દાખલાઓ છે. પરંતુ પરિવારના સભ્ય જેમ ઘરમાં રહેલી ફોર વ્હીલ કારને જમીનમાં સમાધી આપી અને આ ગાડીને સંભારણા જેમ સાચવવા માટે લાઠી તાલુકાના પાડરશિંગા ગામે એક ખેડૂતે સંતો–મહંતોની વિશેષ ઉપસ્થિતિ વચ્ચે ફોર વ્હીલ કારને સમાધિ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.



લાઠી તાલુકાનું પાડરશિંગા ગામે રહેતા સંજય પોલરા નામનાં ખેડૂતે ૨૦૦૬ના માડેલની ફોર વ્હીલ ગાડી સને ૨૦૧૩/૧૪માં ખરીદી હતી. ત્યાર બાદ ખેડૂતની પ્રતિષ્ઠા અને પ્રગતિ થઈ હોય હતી. જેથી આ ફોર વ્હીલ ગાડી તેમણે ખરીદ્યાને કારણે થઈ હોવાથી ખેડૂત તથા તેમનો પરિવાર માની રહ્યા હતાં. પોતાની જૂની ફોર વ્હીલ ગાડી અન્યને વેચવાને બદલે ફોર વ્હીલ કારને જમીનમાં સમાધિ આપવાનો નિર્ણય કર્યો હતો.

ગઈકાલે લાઠી તાલુકાના પાડરશિંગા ગામે ફોર વ્હીલ કારને સમાધિ આપવા માટે શાસ્ત્રોકત વિધિ કરી અને ફોર વ્હીલ કારનું સામૈયું પણ ગામમાં કાઢવામાં આવ્યું હતું. આ સામૈયા સાથે ઢોલી પર પૈસા વરસાવતા આ ખેડૂત પરિવાર અને કુટુંબીજનો તથા મિત્રોએ વાજતે ગાજતે કારનું ગામમાં ફુલેકું કાઢવામાં આવ્યું હતું. ત્યારે આખું ગામ આ ફોર વ્હીલ કારનું ફુલેકું જોવા ઉમટર્યુ હતું. આ કાર ફરતે મહિલાઓ રાસ રમતા હતા. બાદમાં આ કારને ખેડૂતે પોતાની વાડીમાં ૧૨ ફૂટ ઊંડો ખાડો કરીને ગાડીને વિધિ વિધાન સાથે સમાધિ આપવાની અનોખી પહેલ કરી હતી.

પાડરશિંગા ગામનનો ખેડૂત પરિવાર પોતાની આ વ્હાલસોયી કારને લક્કી માનતા હોય, વ્યવસાયે સુરતમાં કન્ટ્રકશન સાથે જોડાયેલા આ ખેડૂત પરિવાર પાસે કાર આવ્યા બાદ તેમની પદ અને પ્રતિષ્ઠામાં વધારો થયો હતો. સમાજમાં પણ સારી નામના થવાથી આ કારને તેમણે મ્યુઝિયમમાં રાખવાને બદલે કે વેચવાને બદલે કારને સમાધિ આપીને આ કાર આજીવન યાદગાર બની રહે તે માટે થઈ કારની સમાધિ ઉપર વૃક્ષનું વાવેતર કરવાનો વિચાર આવ્યો હતો.

આ કાર્યક્રમની કંકોત્રી મોકલી અને જાણે સંતોના સમૈયાઓ કરતા હોય તેમ ગાડીના સામૈયા કર્યા અને ગાડીને પોતાની વાડીએ સમાધિ અર્પણ કરવામાં આવી હતી. આ કારને સમાધિ આપતા પહેલા બ્રાહ્મણ દ્વારા સમાધિ માટેની વિધિ પણ કરવામાં આવી હતી. આવા નવતર કાર્યક્રમ જિલ્લાભરમાં ચર્ચાના સ્થાને જોવા મળી રહયો હતો.

### સૌથી વધુ ભરોસાપાત્ર તબીબો, બીજા સ્થાને શિક્ષકો

# લ્યો બોલો : દુનિયામાં રાજકારણીઓ કરતાં વેઈટરો પર વધારે ભરોસો : સર્વેનું તારણ

## નાગરિકોને સરકારી મંત્રીઓ, કર્મચારીઓ, પોલીસ અને વકીલ ભરોસા લાયક જણાતા નથી

નવી દિલ્લી, તા. ૮

દુનિયામાં જાતજાતના સર્વે થતાં રહે છે. એવો જ એક રસપ્રદ સર્વે 'વૈશ્વિક વિશ્વાસપાત્ર સૂચકાંક ૨૦૨૪' તાજેતરમાં થયો હતો. સર્વે કંઈક એવો છે કે લોકો કયા ક્ષેત્રમાં કામ કરતાં વ્યવસાયિકો પર વધારે ભરોસો કરે છે. ભારતના નાગરિકો અને અન્ય દેશના લોકોના મંતવ્યો બાબતે ચોંકાવનારા તારણો સામે આવ્યા છે.

ભારતીય નાગરિકોનો ભરોસો કોના પર વધારે. કોના પર ઓછો ? ભારતીય નાગરિકોને રાજકારણીઓ, સરકારી મંત્રીઓ, સરકારી કર્મચારીઓ, પોલીસ અને વકીલો ખાસ ભરોસેમંદ જણાતા નથી. ભારતીયોને ડોકટરો, શિક્ષકો, સશસ્ત્ર દળો અને વિજ્ઞાનીઓ સૌથી વધુ વિશ્વાસપાત્ર લાગે છે. ભરોસાપાત્ર વ્યાવસાયિકોની યાદીમાં એ પછીના નંબરે આવે છે ન્યાયાધીશો અને બેકરો. સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર્સ (પ્રભાવકો) પર ભરોસો કરવામાં મોટાભાગના ભારતીય અચકાય છે.

દુનિયાના ૩૨ દેશોમાં કરવામાં આવેલા આ સર્વેનું તારણ કહે છે કે તમામ દેશોમાં લોકો સૌથી વધુ ભરોસો ડોકટરો પર કરે છે. ભારતમાં ૫૭% લોકોને ડોકટરો વિશ્વાસપાત્ર લાગે છે તો વૈશ્વિક સ્તરે આ આંકડો ૫૮% છે. શિક્ષકો માટે ભારતમાં ૫૬% લોકોએ ભરોસો દાખવ્યો છે તો વૈશ્વિક સ્તરે ૫૪% લોકોએ શિક્ષકો પર ભરોસો દર્શાવ્યો છે. વિજ્ઞાનીઓ માટે આ આંકડો અનુક્રમે ૫૪% અને ૫૬નો છે, તો સશસ્ત્ર દળો માટે આ આંકડો અનુક્રમે ૫૬% અને ૪૩%નો છે. દુનિયાભરના નાગરિકો રાજકારણીઓ, સરકારી મંત્રીઓ, સરકારી કર્મચારીઓ, પોલીસ અને વકીલો કરતાં હોટલ અને રેસ્ટોરન્ટમાં ભોજન પીરસતા વેઈટરો પર વધુ (૪૪%) વિશ્વાસ કરે છે.

રાજ નેતાઓ, સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર્સ, સરકારી મંત્રીઓ, એડ એકિઝકયુટિવ અને બિઝનેસમેન વૈશ્વિક સ્તરે સૌથી ઓછા ભરોસાપાત્ર વ્યાવસાયિકો સાબિત થયા છે. વૈશ્વિક સ્તરે ફકત ૧૫% લોકો રાજનેતાઓ પર ભરોસો કરે છે, જયારે કે ભારતમાં આ આંકડો ૪૦% એડ એકિઝકયુટિવ (જાહેરાત બનાવનારા) પર સમગ્ર વિશ્વમાં માત્ર ૧૭% લોકો વિશ્વાસ કરે છે, જયારે કે ભારતમાં ૪૩% લોકો તેમના પર વિશ્વાસ કરે છે.

સર્વેના આંકડા કહે છે કે, અન્ય દેશના નાગરિકો કરતાં ભારતીયો નેતાઓ અને મંત્રીઓ પર વધુ વિશ્વાસ કરે છે. એ હિસાબે જોઈએ તો ભારતીયો ઉદાર દિલના કહેવાય. અલબત્ત, અન્ય વ્યવસાયો સાથે સરખામણી કરવામાં આવે તો એમની તુલનામાં ભારતના લોકો પણ નેતાઓ, મંત્રીઓ અને ધાર્મિક નેતાઓ પર સૌથી ઓછો વિશ્વાસ કરે છે.

આ ૫ વ્યવસાયિકો પર ભારતીયો સૌથી ઓછો વિશ્વાસ કરે છે.

'નેતાઓ' પર ૩૧% ભારતીયો વિશ્વાસ કરતા નથી.

'સરકારના મંત્રીઓ પર ૨૮% ભારતીયો વિશ્વાસ કરતા નથી.'

'ધાર્મિક નેતાઓ' પર ૨૭% ભારતીયો વિશ્વાસ કરતા નથી.

'પોલીસ' પર ૨૬% ભારતીયો વિશ્વાસ કરતા નથી.

'પત્રકારો' પર ૨૫% ભારતીયો વિશ્વાસ કરતા નથી.

કયા વય જૂથના લોકો કોના પર કેટલો ભરોસો કરે છે ?

આ સર્વેમાં પહેલીવાર સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. સરેરાશ જોઈએ તો વિશ્વભરના ફકત ૧૫% લોકો જ સોશિયલ મીડિયા ઈન્ફ્લ્યુએન્સર્સ પર વિશ્વાસ કરે છે. બાકીના લોકો અમને જૂઠા જ માને છે.

એમના પર સૌથી વધુ ભરોસો Gen Z (વર્ષ ૧૯૯૭ થી ૨૦૧૨ વચ્ચે જન્મેલ પેઢીના લોકો) મુકે છે. ૨૦% Gen Zને સોશિયલ મીડિયા ઈન્ફ્લ્યુએન્સર્સ ભરોસેમંદ લાગે છે.

મિલેનિયલ્સ (૧૯૮૧ થી ૧૯૯૬ દરમિયાન જન્મેલ લોકો) પૈકીના ૧૮% અને Gen X (૧૯૬૫ થી ૧૯૮૦ દરમિયાન જન્મેલ લોકો) પૈકીના ૧૩% લોકોને જ સોશિયલ મીડિયા ઈન્ફ્લ્યુએન્સર્સ વિશ્વાસપાત્ર લાગે છે.

બેબી બૂમર્સ (૧૯૪૬ થી ૧૯૬૪ દરમિયાન જન્મેલ લોકો) માટે આ આંકડો માત્ર ૯% છે. એનો અર્થ એ કે સોશિયલ મીડિયાના આગમન અગાઉ જન્મેલ પેઢીને સોશિયલ મીડિયા ઈન્ફ્લ્યુએન્સર્સ ખાસ ભરોસાપાત્ર જણાતા નથી, પણ સોશિયલ મીડિયાના સમયમાં જન્મેલા લોકો આવ ઈન્ફ્લુએન્સર્સમાં વિશ્વાસ કરે છે.

IPSOS એ ફ્રેન્ચ બહુરાષ્ટ્રીય કંપની છે, જે બજાર સંશોધન અને પરામર્શનનું કામ કરે છે. IPSOS દ્વારા ૨૪મેથી ૭ જૂન દરમિયાન IPSOS ગ્લોબલ ટ્રસ્ટવર્ધી ઈન્ડેકસ ૨૦૨૪ નામનો સર્વે કરવામાં આવ્યો હતો, જેમાં ૩૨ દેશોના ૨૩,૫૩૦ વયસ્ક નાગરિક સહભાગી થયા હતા. સર્વેમાં ૨,૨૦૦ ભારતીયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેમાંથી ૧૮૦૦ લોકોને રૂબરૂ અને ૪૦૦ લોકોનો ઓનલાઈન ઈન્ટરવ્યુ લેવામાં આવ્યો હતો. સર્વેમાં સામેલ મોટાભાગના ભારતીયો શહેરી વિસ્તારના હતા.

### સમગ્ર પંથકમાં ''જય જલારામ''નો નાદ ગુંજી ઉઠયો

# રાજુલામાં પૂજય જલારામ બાપાની રરપમી જન્મજયંતીની ધામધૂમથી ઉજવણી

## રઘુવંશીનાં ઘરે દીવડાઓ તેમજ રંગોળી સજાવવામાં આવ્યા

રાજુલા, તા. ૮

રાજુલા શહેરમાં પૂજય જલારામ બાપાની ૨૨૫મી જલારામ જયંતિ ભવ્યથી ભવ્ય રીતે ઉજવવામાં આવી આ શોભાયાત્રા દર વર્ષની માફક આ વર્ષે પણ બાબુલાલ ચત્રભુજભાઈ ઠક્કરના ડેલેથી શરૂ કરવામાં આવેલી જે રાજુલા શહેરના મુખ્ય માર્ગો પર પસાર થયેલ હવેલી ચોક પોલીસ સ્ટેશન હોસ્પિટલ ચોક એસટી બસ સ્ટેન્ડ થઈ અને આ શોભાયાત્રા જલારામ મંદિરે પૂર્ણ કરવામાં આવેલ શોભાયાત્રામાં ફટાકડા તેમજ જય જલારામના નાદ સાથે રાજુલા શહેરનો મુખ્ય માર્ગ ગુંજે ઉઠેલો આ શોભાયાત્રા દરમ્યાન શહેરના વિવિધ જગ્યાએ વિવિધ અલગ અલગ સ્ટોલ ઉભા કરવામાં આવેલા જેમાં ઠંડા પાણી શરબત લચ્છી ફૂટ જેવા વિવિધ સ્ટોલો ઊભા કરવામાં આવેલા તેમજ શોભાયાત્રા દરમ્યાન રાજુલા શહેરના અગ્રણીઓ વેપારીઓ તેમજ વિવિધ સંસ્થા આગેવાનો ચેમ્બર ઓફ કોમર્સના આગેવાનો તેમજ વિ હિન્દુ પરિષદના પ્રમુખ સહિત તમામ હોદેદારો તેમજ રાજુલા શહેરના પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેર સહિતના વિવિધ મહાનુભવોએ ખાસ હાજરી આપી સાથે દર્શનનો લાભ લીધેલો સાથે સાથે મુખ્ય બજારમાં સ્વ અતુલભાઈ રાયચાનાં ઘરે પણ પૂજય બાપાને થાળ ધરવામાં આવેલો તેમજ આરતી ઉતારવામાં આવેલી કેસરીનંદન હનુમાનજી મંદિરે મંદિરના મહંત દ્વારા આરતી તેમજ હનુમાન ચાલીસા કરવામાં આવેલ રાજુલા શહેરમાં એસટી બસ સ્ટેન્ડ પાસે આવેલ જલારામ સર્કલ ખાતે ઠંડા પીણાનું વિતરણ તેમજ મહા આરતી કરવામાં આવેલ તેમજ દીપકભાઈ ઠક્કરના પુત્ર ચી. હેત ઠક્કર. પૂજય જલારામ બાપા આબેહૂબ બનાવવામાં આવેલા તેમને આ સર્કલ ખાતે મહાઆરતી કરવામાં આવેલી તેમજ રાજુલા ના કહેવાતા મહેતાજી ચત્રભુજ દિયાળજી પરિવાર દ્વારા ઠંડા પાણી લચ્છી વગેરેનું વિતરણ કરવામાં આવેલું હતું આ યાત્રા સવારે નવ કલાકે શરૂ થયેલી અને બપોરના બે કલાકે રાજુલા જલારામ મંદિરે સંપન્ન થયેલી બપોરનો મહાપ્રસાદ નાનાલાલ મોહનલાલ ગઢીયા તરફથી રાખવામાં આવેલ રાત તો થાળ પ્રસાદ સ્વ. અતુલ કુમાર રમણીક લાલ રાયચા પરિવાર તરફથી રાખવામાં આવેલ.



### રાજુલા તાલુકા પંચાયતનાં પૂર્વ પ્રમુખ મીઠાભાઈ લાખણોત્રા દ્વારા

# જાફરાબાદ : વારાહ સ્વરૂપ ભગવાન મંદિરનાં સાંનિધ્યમાં આગામી મંગળવારે તુલસી વિવાહ યોજાશે

## કથીવદર ગામનાં રાધાકૃષ્ણ મંદિરથી જાનનું થશે આગમન

કોવાયા, તા. ૮

જાફરાબાદ તાલુકાનાં દરિયા કિનારે આવેલ વારાહસ્વરૂપ ગામમાં વારાહસ્વરૂપ ભગવાનનાં મંદિરના સાનિધ્યમાં રાજુલા તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ મીઠાભાઈ લાખણોત્રા અને વારાહ સ્વરૂપ મંદિર ટ્રસ્ટ દ્વારા તારીખ : ૧૨/૧૧/૨૪ને મંગળવારના રોજ દિવ્ય તુલસી વિવાહનું આયોજન કરવામાં આવેલ છે.



તસ્વીર : વાઘ સુમરા–કોવાયા

વારાહ સ્વરૂપ મુકામે તુલસી વિવાહનું આયોજન કરેલ છે. તેમા ઠાકોરજીની જબરી જાન રાજુલા તાલુકાના કથીવદર મુકામેથી રાધાકૃષ્ણ મંદિરમાં બિરાજમાન ઠાકરી જબરી જાન ભવાભાઈ રાજાભાઈ વાઘ તથા ભાણાભાઈ ખીમાભાઈ વાઘ એ ઠાકોરજીની જાન લઈને વારાહ સ્વરૂપ મંદિરના સાનિધ્યમાં પધારશે.

ઠાકોરજીની જાડી જાન લઈ જવા માટે અત્યારથી સમસ્ત કથીવદર ગામ એ એકજુથ થઈ અને અત્યારની તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ ઠાકોરજીને જાનને વાજતે ગાજતે વારાહ સ્વરૂપ મંદિર મુકામે વૃન્દા (તુલસી માતાજી)ની સાથે વિવાહ કરવામાં આવશે.

જયારે વારાહ સ્વરૂપ મંદિરનાં સાનિધ્યમાં જ તુલસી વિવાહ થવાના છે તેના મુખ્ય યજમાન મીઠાભાઈ સાદુળભાઈ લાખણોત્રા અને ખીમાભાઈ સાદુળભાઈ લાખત્રોતા છે. જે વૃન્દા (તુલસી માતાજી)નું કન્યાદાન કરશે.

આ તુલસી વિવાહમાં વારાહસ્વરૂપ મુકામે ગુજરાતના સુપ્રસિધ્ધ લોક ગાયિકા કિંજલ રબારી પોતાના મધુર સુરથી લોક ડાયરા અને લગ્ન ગીતોની રમઝટ બોલાવશે. વારાહ સ્વરૂપ તુલસી વિવાહ આયોજનમાં અનેક સંતો – મહંતો રાજકિય અને સામાજીક આગેવાનો ઉપસ્થિત રહિ અને સર્વ ધર્મપ્રેમી જનતાને રૂડા આશીર્વાદ પાઠવશે.

વારાહ સ્વરૂપ મંદિરના સાંનિધ્યમાં જે તુલસી વિવાહનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં રાત્રીના સર્વ ધર્મપ્રેમી જનતા માટે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવેલ છે. અને ત્યારે બાદ મોડી રાત્રી સુધી ગુજરાતનાં સુપ્રસિધ્ધ લોકો ગાયિકા કિંજલ રબારી, દમયંતી ચૌહાણ નિલેષ ત્રિવેદી મધુ સાંખટ પોતાના મધુર સુરથી ડાયરાની રમઝટ બોલવાશે.

તો આ ભવ્ય અને દિવ્ય તુલસી વિવાહનાં રાજુલા તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ મીઠાભાઈ લાખોણત્રા અને વારાહ સ્વરૂપ મંદિર ટ્રસ્ટ દ્વારા સર્વ ધર્મપ્રેમી જનતાને ખુબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ પાઠવેલ છે.

# મતદારયાદીમાં નામ નોંધણી, વિગત, ફોટોમાં ફેરફાર કે સુધારા માટે તા. ૨૮ નવેમ્બર સુધીમાં અરજી કરવી

અમરેલી, તા. ૮

જિલ્લામાં આગામી તા.૨૮ નવેમ્બર,૨૦૨૪ સુધી મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ શરૂ છે. તા. ૧.૧.૨૫ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા હોય તેવા ભારતીય નાગરિકો મતદારયાદીમાં તેમના નામની નોંધણી કરાવી શકશે. મતદાર તરીકે અગાઉથી નોંધાયેલા છે તેવા નાગરિકોએ મતદાર યાદીમાં નામ, વિગત, ફોટો અચૂક ચકાસી લેવો, જરૂર જણાય તો ફેરફાર કરવા માટેની અરજી આપવી. નામ નોંધણી માટે અથવા ફેરફાર માટે વોટર હેલ્પલાઈન મોબાઈલ એપ www.voterportal.eci.gov.in, www.nvsp.in પોર્ટલ ઉપરાંત હેલ્પલાઈન નંબર ૧૯૫૦ પર સંપર્ક કરવો.

મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ અંતર્ગત તા. ૧૭ નવેમ્બર, ૨૪ને રવિવાર, તા.૨૩ નવેમ્બર, ૨૪ને શનિવાર, તા.૨૪ નવેમ્બર, ૨૪ને રવિવારના રોજ સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી સંબંધિત વિસ્તારના મતદાન મથક પર સંપર્ક કરવો. મતદારયાદીમાં નાગરિક મતદાતાના નામ સાથે આધાર લીંક કરવાની સુવિધા પણ ઉપલબ્ધ છે. મતદાનનો અધિકાર પ્રાપ્ત કરવા, મતદાર યાદીમાં નામ નોંધણી ભૂલશો નહી, મતદાનનો મોકો ચૂકશો નહી.

### ઓમનગર ખાતે આવેલ ઓમકારેશ્વર મહાદેવ મંદિર પાસે

# અમરેલીમાં આજથી શ્રી શિવશકિત મહિલા મંડળ અને અશ્વમેઘ ટ્રસ્ટ દ્વારા શ્રીમદ્ ભાગવત્ સપ્તાહનો પ્રારંભ

## વ્યાસપીઠ પરથી શાસ્ત્રી નેવિલ કિશોર આર. ભટ્ટ કથાનુ રસપાન કરાવશે

અમરેલી, તા. ૮

અમરેલીમાં આવતીકાલ શનિવારથી ચિતલ રોડ ઉપર અવેલ ઓમનગરમાં ઓમકારેશ્વર મહાદેવ મંદિર નજીક બપોરના ૩ થી શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞનો પ્રારંભ કરવામાં આવશે. શ્રી શિવશકિત મહિલા મંડળ તથા શ્રી અશ્વમેઘ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આોજિત શ્રીમદ્ભાગવત સપ્તાહ જ્ઞાનજ્ઞમાં વ્યાસપીઠ પરથી શાસ્ત્રી નેવિલ કિશોર આર. ભટ્ટ કથાનુ રસપાન કરાવશે. ધાર્મિકજનોને દરરોજ બપોરના ૩ થી આંજના ૭ સુધી લાભ લેવા આયોજકો દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.

# ખાંભામાં પૂ. જલારામબાપાની રરપ જન્મ જયંતીની આસ્થાભેર ઉજવણી



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા શહેરમાં શોભાયાત્રા સાથે જલારામ બાપાની જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી તેમાં ડી.જે.ના તાલ સાથે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી આ શોભાયાત્રા ખાંભા શહેરના રાજમાર્ગો પર ફરી મળી હતી અને શોભાયાત્રામાં લોહાણા સમાજના નટુભાઈ રાજા, ડો. સવાણી, નવલભાઈ રાજા, હિરેનભાઈ, મોહિતભાઈ નગડિયા, દિનુભાઈ જોબનપુત્ર, ચેતનભાઈ પોપટ આગેવાનો ભાઈઓ બહેનો બાળકો તેમજ ખાંભાના સરપંચના પ્રતિનિધિ બાબુભાઈ ખુમાણ તેમજ વેપારી એસોસિયન પ્રમુખ મહેન્દ્રભાઈ હરિયાણી તેમજ ખાંભા શહેરના રાજકીય આગેવાનો સહિત આ શોભાયાત્રામાં જોડાયા હતા આ શોભાયાત્રા જલારામ બાપાના મંદિર છે પ્રસ્થાન કરવામાં આવી હતી અને જલારામ બાપાની જન્મ જયંતીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી આ જલારામ બાપા જયંતિની કાર્યક્રમ સફળ બનાવવા માટે લોહાણા સમાજના યુવાનો તેમજ સામાજિક આગેવાનોએ ભારે જેમજ ઉઠાવી હતી.

## દેશનાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જયારે કહી રહ્યા છે કે

# ગુજરાતનો વિકાસ હાઈવે પર દોડે છે છતાં ગુજરાતીઓ અમેરિકા તરફ દોડે છે : કોંગ્રેસ

**એક જ વર્ષમાં ૪૫ હજાર ગુજરાતનીઓ અમેરિકામાં અનઅધિકૃત ઘુસણખોરી કરતા ઝડપાયા**

**કુલ ૯૦,૪૧૫ ભારતીયો પકડાયા તેમાં ૫૦ ટકા ગુજરાતીઓ હોય અને ગુજરાત મોડેલનો ફટાકડો ફોડે છે**

**રાજય સરકાર જવાબ આપે દેશનાં મોડેલ રાજયનાં ગુજરાતીઓ અમેરિકા શું કામ જાય છે ?**

**પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રવકતા મનહર પટેલે ભાજપ સરકારનાં વિકાસનાં દાવાની પોલ ખોલી**

અમદાવાદ, તા. ૮

દેશના પ્રધાનમંત્રીએ કહેવાતા ગુજરાત વિકાસને સ્વયંઘોષિત ''ગુજરાત મોડલ'' નામ આપ્યુ અને ચુંટણીઓ જીતવા પુરા દેશમાં તેનો રાજકીય વેપાર કર્યો, તેમા અમુક રાજયો ગુજરાત મોડલની પાછળ દોડવા પણ લાગ્યા જયારે આ બાજુ ગુજરાત મોડલનો ટેસ્ટ ચાખી ચુકેલા અમુક ગુજરાતીઓએ અમેરીકા તરફ દોડ મુકી.

US custom and border protection (CBP) ના આંકડા કહે છે કે ૧ ઓકટોબર ૨૦૨૩ થી ૩૦ સપ્ટેબર ૨૦૨૪ દરમ્યાન કુલ ૯૦,૪૧૫ ભારતીયો અમેરીકામા અનઅધિકૃત રીતે ઘુસણખોરી કરતા પકડાયા અને તેમાથી ૫૦ % એટલે કે ૪૫,૦૦૦ ગુજરાતીઓ છે. જે ભાજપા સરકારની સૌથી મોટી ગુજરાત મોડલની ઉપલબ્ધી છે, જે રીતે દેશના અન્ય રાજયોએ ગુજરાત મોડલને અનુસરવાની તૈયારી કરી અને ગુજરાતીઓ અમેરીકા તરફ ભાગવા લાગ્યા આને કહેવાય મોદીનો ૩૬૦ ડીગ્રી વાળો ગુજરાત વિકાસ.

૨૦૧૪ માં ગુજરાત મોડલનુ સપનુ જે રાજયોએ જોયુ તે આજે ગુજરાત બની ગયા અને ભાજપા ઘોષિત મોડલ રાજય ગુજરાતમાં અનુપમ ખેરની છાપવાળી ૫૦૦ રૂપિયાની નકલી નોટોનુ કરોડો રૂપિયા લઈને સોનુ ખરીદવાની હિંમત કરી શકે છે, ગુજરાતમાં હાઈવે રોડ ઉપર ટોલનાકાને સમાંતર નકલી ટોલનાકા ઉભા કરીને કરોડો રૂપિયાની કમાણી કરવાની હિંમત કરે છે, આ મોડલ રાજયમાં સરકારી સિંચાઈ વિભાગની નકલી કચેરી ચાલતી પકડાય છે, નકલી શાળાઓ શરૂ કરવાની હિંમત મોડલ રાજયમાં લોકો કરે છે, આ બધુ મોદી પ્રેરિત ગુજરાત મોડલનો એક ભાગ છે. તમે સાંભળ્યુ હશે કે બેન્કોને ચુનો લગાવીને બેન્કોને આત્મનિર્ભર કરીને વિદેશમાં સ્થાય થયેલા મિકુલભાઈ ચોકસી અને નિરવભાઈ મોદી પણ ગુજરાતી છે, મોડલ રાજયમાં ઠગીઓ અને ધુતારાઓ ખુબ હિંમતવાન છે, તે પૈકીના નકલી જજે નકલી ન્યાયપાલીકા ઉભી કરીને વર્ષો સુધી નકલી ન્યાય પણ આ મોડલ રાજયને પીરસ્યો, આ બધુ ગુજરાત મોડલનો હિસ્સો છે. આમ ભાજપાની રાજય સરકારમાં આવા અનેક તેજસ્વી કિસ્સાઓના સરવાળા થકી ગુજરાતની સરકાર અને જનતાને કરોડો રૂપિયાનો ચુનો લગાવનારાઓએ ગુજરાત મોડલની એક આગવી ઓળખ આપી છે અને આમ છતાં મોડલ સરકાર એટલી ખાનદાન છે કે આ તમામની સરકારી દફતરે સરસ નોંધ પણ લેવાય છે. તેની આ યાદી છે.

| | | |
|---|---|---|
| ૧. | મયંક તિવારી | નકલી પીએમ એડવાઈઝર |
| ૨. | કિરણ પટેલ | નકલી પીએમઓનો વરિષ્ઠ અધિકારી |
| ૩. | હિમાંશુ રાય | નકલી કસ્ટમ |
| ૪. | પ્રકાશ નાયક | નકલી ડે કલેકટર |
| ૫. | હિતેરસિંહ મોરી | નકલી સીબીઆઈ |
| ૬. | ભરત છબડા | નકલી આઈએએસ |
| ૭. | પ્રદુમન પટેલ | નકલી આઈબી અધિકારી |
| ૮. | તરૂણ ભટ્ટ | નકલી સીબીઆઈ |
| ૯. | સંદિપ રાજપુત | નકલી સિંચાઈ કચેરી |
| ૧૦. | અમરશી પટેલ | નકલી ટોલનાકુ |
| ૧૧. | મયુર તડવી | નકલી એસઆઈ |
| ૧૨. | લવકુશ ત્રિવેદી | નકલી સીએમઓ |
| ૧૩. | નિખીલ પટેલ | નકલી એસઆઈ |
| ૧૪. | ઓમવીરસીંહ | નકલી ઈડી અધિકારી |
| ૧૫. | ગુંજન કટારીયા | નકલી એનઆઈએ અધિકારી |
| ૧૬. | હિરાલી કોરડીયા | નકલી કલેકટર |
| ૧૭. | પુષ્પરાજ રાય | નકલી સીબીઆઈ અધિકારી |
| ૧૮. | નેહા પટેલ | નકલી કલેકટર |
| ૧૯. | વિરાજ પટેલ | નકલી સીએમઓ |
| ૨૦. | સંજય રાય | નકલી પીએમઓના અધિકારી |
| ૨૧. | નિકુંજ પટેલ | નકલી સીએમઓના અધિકારી |
| ૨૨. | સેમ્યુમ મોરીસ | નકલી જજ |
| ૨૩. | પ્રવિણ સોલંકી | નકલી આર્મી કેપટન જુનાગઢ ૬ નવે. ૨૦૨૪ |

આમ ગુજરાત એક મોડલ રાજયના ગુજરાતીઓને અનઅધિકૃત રીતે અમેરીકામાં પ્રવેશવા કેમ મજબુર બની રહ્યા છે ? ગુજરાતના આશાસ્પદ વેપારીઓ અને વિદ્યાર્થીઓ પોતાના ધંધા-વેપારના સુરક્ષિત ભવિષ્ય ખાતર રાજય છોડી રહ્યા છે. ત્યારે રાજય સરકાર તેમને રોકવામાં કે તેની ચિંતા કરવામાં સંપુર્ણ નિષ્ફળ ગઈ છે, આ મુદ્દે મારી રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની રાજય સરકારને વિનંતી છે કે આ મોડલ રાજયના વહેમમાંથી ગુજરાતને બહાર કાઢી આશાસ્પદ વેપારીઓ અને યુવાધન બહાર જતુ અટકે તે દિશામાં આયોજનો અને નિર્ણય લેવાય અને ગુજરાતની જનતાને રાજયના નિડર અને બાહોશ ઠગ, ધુતારા, ધોખાબાજો અને બેઈમાનોના કબજામાંથી છોડાવીને ગરવી ગુજરાતનો સાચો પરિચય અપાવો.

## બનાસકાંઠા જિલ્લામાં વધુ એક દુષ્કર્મની ઘટનાથી રોષ

# રાજયની દીકરીની સુરક્ષા આપી શકવા સક્ષમ નથી તો દરેક દિકરીઓને બંદુક લાયસન્સ આપી દો

**પ્રદેશ કોંગ્રેસનાં પ્રવકતા નિશાંત રાવલે ભાજપ સરકાર પર શાબ્દિક પ્રહારો કર્યા**

અમદાવાદ, તા. ૮

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા નિશાંત રાવલે અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, આંકડા પ્રમાણે ગુજરાતમાં છેલ્લા ૫ વર્ષોમાં ૬૫૨૪ જેટલા રેપ અને ૯૫ જેટલા ગેંગ રેપ નોંધાયા છે, આંકડા પ્રમાણે ગુજરાતમાં રોજ ૬ દુષ્કર્મની ઘટનાઓ બની રહી છે, એ જોતા લાગે છે મહિલા અને દીકરીઓ પર થતા અત્યાચાર અને દુષ્કર્મમાં ગુજરાત દેશનું એપિસેન્ટર બની રહ્યું છે. આજે જયારે પવિત્ર શકિતપીઠ અંબાજી ખાતે જયારે સામુહિક દુષ્કર્મની ઘટના બની છે જે આખા ગુજરાતને શર્મસાર કરે છે, આજે આખા ગુજરાતની આંખમાં રોષ અને આસું છે, માત્ર ૨ મહિનાના સમય ગાળામાં અગાઉ રાજયના ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવીનો નિવાસ જિલ્લો સુરત અને પ્રભારી જિલ્લો વડોદરામાં દીકરીઓ પર સામુહિક દુષ્કર્મની ઘટનાઓ બની હતી. એ જોતા ગુજરાતમાં મહિલા સુરક્ષા ઉપર ખુબ ગંભીર સવાલ ઉભો થાય છે, આ એક ખુબજ ગંભીર અને દુઃખદ ઘટના છે. ખાસ કરીને એવા વિસ્તાર જયાં અચૂક પોલીસ પેટ્રોલિંગની આવશ્યકતા હોય છે પરંતુ આ કામગીરીમાં ગુજરાત પોલીસ નિષ્ફળ નીવડી રહી છે. એક તરફ રાજયના મુખ્યમંત્રી, ગૃહમંત્રી અને ભાજપના ગુજરાત પ્રમુખ પાટીલ બનાસકાંઠા ખાતે વાવ વિધાનસભાની પેટાચૂંટણીના પ્રચારમાં વ્યસ્ત છે બીજી બાજુ આજ બનાસકાંઠામાં મા અંબાની પાવન ધરતી અંબાજી ખાતે સામુહિક દુષ્કર્મ થાય છે, જયારે અન્ય રાજય પશ્ચિમ બંગાળમાં મહિલા પાર સામુહિક દુષ્કર્મ થાય છે ત્યારે આખું ગુજરાત ભાજપ ધરણા પર બેસે છે અને ગુજરાતના આ તમામ સામુહિક દુષ્કર્મો ઉપર કેમ ચૂપ છે ? હાલમાં જે રીતે દાહોદ ખાતે ૬ વર્ષની બાળકી પર દુષ્કર્મનો પ્રયાસ કરી એને મોતને ઘાટ ઉતારવાની ઘટના બનેલ છે જેમાં આરએસએસ સાથે જોડાયેલ આચાર્ય સામેલ હતો. તાજેતરમાં વડોદરા જિલ્લામાં એક મહિલાના ઘરમાં ઘુસી એના પર દુષ્કર્મ આચરનાર ભાજપનો એક કાર્યકર્તા સામેલ હતો જેમાં પીડિતાની ૧૦ કલાક સુધી એફઆઈઆર નોંધવામાં નહોતી આવી. આ તમામ ઘટના હવે રાજયની મહિલા સુરક્ષા માટે એક ગંભીર બાબત બની ગઈ છે. કહેવાતા વિ હિન્દૂ પરિષદ જેવા હિન્દૂ સંગઠનો કેમ ચુપ્પી સાધીને બેઠા છે ? વડોદરામાં જે She Team ને આપવામાં આવેલ પોલીસની જીપમાં એક પુરૂષ કોન્સ્ટેબલ દારૂ પિતા પકડાયો હતો, આવી ઘટનાઓ પણ રોકવી આવશ્યક છે, આવી ઘટનાઓના લીધે ગુજરાતની દીકરીઓને ગુજરાત પોલીસ પરથી વિસ ઉઠી રહ્યો છે. ત્યારે રાજયના ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવીએ વિસ પુનઃ સ્થાપિત કરવો જોઈએ.

તાજેતરની અંબાજી, બનાસકાંઠા જિલ્લા પાસેની આ ઘટનાથી એમ લાગે છે કે બનાસકાંઠા પોલીસ અને ત્યાંનુ આખું સરકારી તંત્ર માત્રને માત્ર 'વાવ વિધાનસભાની પેટાચૂંટણી' અનુલક્ષીને ભાજપના કાર્યકતા તરીકે કામગીરી કરી રહ્યા છે જેમને મહિલા સુરક્ષાની કોઈ પરવાહ નથી રહી. ગુજરાત કાંગેસ તરફથી મુખ્યમંત્રીને આવેદન કરૂ છું કે જો તમે ગુજરાતની મહિલા, દીકરીઓની સુરક્ષા ના આપી શકવા સક્ષમ નથી તો ગુજરાતની તમામ દીકરીઓ અને મહિલાઓને વાહનના લાઈસન્સની સાથે બંધુકના લાઈસન્સ પણ આપી દો જેથી ગુજરાતની મહિલા પોતાની સુરક્ષા જાતે કરી શકે.































# જીવનને સફળને હળવુ ફુલ બનાવવા સમયસર કામ કરીએ

## પગદંડી/લેખન



**– શ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )**

પ્રજ્ઞાચક્ષુઓનું હાથી દર્શન આવું હતું.

ઉપકરોત શીર્ષક વાંચ્યા બાદ થશે કે આમાં શી મોટી વાત કરી ? આ પ્રસંગ આપણે અનેકાનેકવાર સાંભળ્યો છે. વાંચ્યો છે તે કહ્યો પણ હશે. પણ મારે આ વાતના આધારે નવી જ દિશામાં તમને લઈ જવા છે.

પ્રજ્ઞાચક્ષુઓ પાસે હાથી લઈ ગયા. તેમણે હાથ ફેરવી હાથીને જોયો. પ્રજ્ઞાચક્ષુઓને પૂછયું હાથી કેવો લાગ્યો ? ત્યારે એકે કહ્યું કે હાથી દિવાલ જેવો સપાટ છે. કારણ કે તેણે તેના પેટ પર હાથ ફેરવેલો. બીજાએ કહ્યું નહિ હાથી થાંભલા જેવો છે. કારણ કે તેણે હાથીનાં પગનો સ્પર્શ કરેલો. ત્રીજાએ કહ્યું ના ભાઈ ના હાથી તો દોરડા જેવો છે. તેઓ હાથીની પૂંછડી જોઈ હતી. ચોથાએ કહ્યું ના હાથી તો મોટી વળી જેવો છે. તેણે હાથની સૂંઢ જોઈ હતી. આ બધા જ અંગોને એક સાથે જોડવામાં આવે તો સમગ્ર હાથીનાં દર્શન થાય.

આપણે પણ પ્રજ્ઞાચક્ષુઓ જ છીએ. મારે વાત કરવી છે. ગાંધીજીના વ્યકિતત્વની તથા તેમના કર્તુત્વની મારો પ્રશ્ન એ છે કે શું આપણેં ગાંધીજીને સમગ્ર કયારેય જોયા છે ? જોવાની વાત તો દૂર રહી પણ ગાંધીજીને એક માણસ તરીકે વ્યકિતત્વ તરીકે પણ સમજવાનો પ્રયત્ન કર્યો નથી. ગાંધીજીને સમજયા છે નાહયા છે. પરખ્યા છે તેઓ એમના ગાંધીપણા ભળી ગયાં તણાઈ ગયાં ને ગાંધીજી પાસી ગયા.

આજે સૌ માટે ગાંધીજી નામના રમકડાને સૌ પોતપોતાની દ્રષ્ટિથી નિહાળે છે, રમાડે છે, ઉપયોગમાં લે છે ને પછી પેપરનેપકીનની જેમ ફેંકી દે છે.

એમાય આજના કે પહેલાનાં ગંદા રાજકારણે તો ગાંધીજીને હાથનો મેલ સમજી તરછોડી દીધા છે. હાથ ધોઈ નાખ્યો છે. રેલ ગાડી ઊંધા પાટે ચડી જાય એ પહેલાં સ્વચ્છ બની જઈએ.

શબ્દસૃષ્ટિના સંપાદક ડો. જયેન્દ્રસિંહ જાદવનો સંપાદકીય લેખ વાંચવા જેવો હોય છે. આ લખનાર શબ્દ સૃષ્ટિ મળતા પ્રથમ સંપાદકીય વાચે છે. જો યોગ્ય હોય, પચાવી, સમજી શકાય તેવી હોય તો તમારી સાથે શેર કરવાનું ચૂકતા નથી. આજે પણ ડો. જયેન્દ્રસિંહની થોડી વાતો ટાંકવી છે.

ગાંધીજી એક ચેતના હતા. એમની ચેતના એટલી દિવ્ય રહી કે એની અસર સમગ્ર વિશ્વ ઉપર જોવા મળી રહી છે. (જેઓ સમર્થ છે એમના માટે) ગાંધીજીની છાપ, અસર, ચેતના માત્ર ગુજરાતી સાહિત્ય પર જ નહિ પણ ભારતના અન્ય અનેક ભાષા સાહિત્ય પર ઉંડી અસર જોવા મળે છે.

સાહિત્ય માટે ગાંધીજીએ પહેલું કામ એ કર્યુ કે એમણે સાવ સરળ ખેતરમાં કોશ હાંકતો કોચિયો સમજી શકે એવી ભાષામાં લખવાનું શરૂ કર્યુ પરિણામે ગાંધીજી એમની સાહિત્ય દ્વારા જનમાનસ સુધી પહોંચી શકયા. એનું જીવતું જાગતું ઉદાહરણ છે. એમની આત્મકથા સત્યનાપ્રયોગો ગાંધીજીએ વ્યવહારની ભાષ અપનાવી છે. એમ કહેવાય છે કે સરળ લખવું સહેલું નથી. અઘરૂ છે. એની અસર ભારતની જ નહિ વિશ્વ સાહિત્ય પર પણ પડી છે.

ગાંધીજીની આત્મકથા એટલે નિર્દભ રજૂઆત નિર્ભીક કબુલાત અને નિર્દય રીતે કરેલું આત્મદર્શન એટલે સત્યના પ્રયોગો વિશ્વભાષાઓમાં એના અનુવાદો થયા છે.

ગાંધીજીએ વિશ્વભરનું સાહિત્ય વાચ્યું છે. એની છાપ પણ પડી છે. તેમ છતાં ગાંધીજીએ ગુજરાતી ભાષામાં લખ્યું અભ્યાસ કર્યો છે એટલુ જ નહિ પણ તેના વિશે લખ્યું પણ ખરૂં રાજકારણ અને વકીલાતમાંથી સમય બચાવી તેમણે ધાર્મિક સાહિત્ય વાંચેલું.

અનેક સામયિકો દ્વારા તેમણે સામાજીક, રાજકીય, નૈતિક, સાંસ્કૃતિક, ધાર્મિક, આર્થિક, કેળવણી, આરોગ્ય વિષયક વિશે વાંચ્યું લખ્યું ને જીવનમાં ઉતાર્યુ એડલ્ફ જુસ્ફ જર્મન લેખકનું પુસ્તક રિટર્ન ટુ નેચર વાંચી ગાંધીજીએ પાણી અને માટીનાં પ્રયોગો કરેલો.

ગાંધીજીનું વ્યકિતત્વ અને વિચારધારાની એવી બળવતર છાપ પડી કે અનેક ભાષાઓમાં ગાંધી સાહિત્યનો જન્મ થયો એ સમયે ગુજરાતી ભાષામાં પંડિત યુગ ચાલતો હતો એ યુગને ઓળંગી સાહિત્યમાં ગાંધીયુગ – સાહિત્યયુગ એવું નામ અપાયું.

અહિં માત્ર ગાંધીજીના કેટલાક જીવનપ્રયોગી પાસાની, દ્રષ્ટિની વાત કરી છે. આ સીવાય જો એમના અતરંગ જીવનમાં ડોકિયું કરવામાં આવે તો લાગે કે આ મહામાનવની તુલનામાં આપણે તો કોઈ નથી. એમના પગની ધુળ પણ નથી.

ગાંધીજીને અવળી રીતે વગોવનારા માત્ર પોતાનાં રોટલા શેકવા માટે એમના વિશે ગમે તેવું અભદ ભાષામાં બોલનાર કે લખનારાઓએ ગાંધીજીને વાંચવા જોઈએ. સમજવા જોઈએ.

મહાદેવભાઈ દેસાઈના સુપુત્ર નારાયણ દેસાઈએ લખેલું પુસ્તક ગાંધીજીનો અક્ષર, દેહ, મારી વાત એ જ મારો સંદેશ વિગેરે વાંચવાથી માત્ર આચળની જેટલો પ્રસાદ, પ્રકાશ હાંસલ થશે. અસ્તુ.



# બાલ એકસપ્રેસ



સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

# અમરેલીનાં સાહિત્યકાર–લેખકોના નામ

**લક્ષ્મીદાસ ભીમજી વિઠલાણી:** અમરેલીના અગ્રણી ખાનદાન વ્યાપારી. અમરેલીમાં કુરજી માધવજીભાઈની પેઢી એક અગ્રણી વ્યાપારી પેઢી ગણાય છે. ફોરવર્ડ સ્કૂલના આદ્ય સંસ્થાપક છોટુભાઈ વિઠલાણીએ ફોરવર્ડ સ્કૂલ ટ્રસ્ટની રચના કરી ટ્રસ્ટને શાળા સમર્પિત કરી એ વખતથી લક્ષ્મીદાસભાઈ ફોરવર્ડ સ્કૂલના ટ્રસ્ટના ટ્રસ્ટી હતા. આ જવાબદારી તેમણે છેલ્લા શ્વાસ સુધી નિભાવી હતી. ૧૯૬૭માં તેઓ સર્વાનુમતે ફોરવર્ડ સ્કૂલ ટ્રસ્ટના પ્રમુખ તરીકે વરાયા હતાં. આ જવાબદારી પણ તેમણે જીવનના અંત સુધી નિભાવી હતી. તેમણે ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કૂલ માટેસારૂંદાનઆપેલું. તેઓઅમરેલી ચેમ્બરઓફકોમર્સ, બુકબેંક, ગૌશાળા, લોહાણા વિદ્યાર્થી ભવન સહિત અનેકસંસ્થાઓમાંસક્રિયહતા.

**રતિલાલ સુંદરજી શાહ:** આઝાદી પછીનાઅમરેલીજિલ્લાનાઘડતરમાં જે મહવની વ્યક્તિઓ ગણાય તેમાં અનિલાલભાઈ શાહ એક ગણી શકાય. તેઓકુશળધારાશાસ્ત્રીહતા. સારા વકતા હતા. શિક્ષણમાં તેમને વિશેષ રૂચિહતી. અમરેલી જિલ્લાના કોંગ્રેસના તેઓ મંત્રી હતા. ડો. જીવરાજભાઈ મહેતાના તેઓ નીકટના સાથીદાર હતા. ગ્રામીણ વિસ્તારમાંપ્રાથમિક શિક્ષણ દૂત બને એ માટેની જિલ્લા શિક્ષણ સમિતિના તેઓ વર્ષો સુધી અધ્યક્ષ રહ્યા હતા. એ જ રીતે ફોરવર્ડ સ્કૂલના પણ તેઓ ટ્રસ્ટી અને મેનેજિંગ ટ્રસ્ટી પણ બન્યા હતા. ગૌશાળા સહિતની અનેક સંસ્થાઓમાં તેમણે પોતાની સેવા આપી હતી. ૧૯૬૯–૭૦માં કોંગ્રેસનું વિભાજન થયુંત્યારેતેઓમોરારજીભાઈ દેસાઈની આગેવાની હેઠળની સંસ્થા કોંગ્રેસ સાથે રહ્યા હતા. ૧૯૭૭માં જનતા પક્ષની રચના થતા તેઓ અમરેલી જિલ્લાના પક્ષપ્રમુખ બન્યા હતા. એ સમયના બધા જ રાજકીય આગેવાનો જેવા કે મોરારજીભાઈ દેસાઈ, બાબુભાઈ પટેલ, વજુભાઈ અને જયાબેન શાહ સાથે તેમને ખૂબ જ સારા સંબંધો હતા. તેમના પુત્ર ડો. પ્રવીણભાઈ શાહ મુંબઈના જાણીતા ડોકટર છે.

**ભોગીલાલ તારાચંદ મહેતા :** અમરેલીના જૂની પેઢીના અગ્રણીધારાશાસ્ત્રી. અત્યંતપ્રતિષ્ઠિત અને ખાનદાન જૈન પરિવારના તેઓ મોભી હતા. મુંબઈ રાજયની રચના પછી કેટલાક કાયદાઓમાં ખાસ કરીને જમીનદારીના કાયદાઓમાં બહુ મોટા ફેરફારો થયા હતા. ભોગીલાલભાઈ તેના સારા જાણકાર હતા. તેઓ વિવિધ જૈન સંસ્થાઓ, દશા શ્રીમાળી જૈન બોર્ડિંગ, સાર્વજનિક પુસ્તકાલય અને વકીલમંડળ સાથે સંકળાયેલા હતા. તેમણે વર્ષો સુધી સરકારી વકીલ તરીકે પણ પોતાની સેવાઓ આપી હતી.


**શામળજી પુરૂષોતમ સંઘવી :** શામળજીભાઈ સંઘવી પોતાના વ્યવસાયમાંથી નિવૃત થયા એ પછી પોતાનાં વતન અમરેલીમાં સ્થાયી થયા હતા. અમરેલીમાં તેમનાં વડીલોપાર્જિત મકાનો તથા અન્ય મિલકત હતી. કપોળ જ્ઞાતિનાં આગેવાન હોવા ઉપરાંત તેમણે અમરેલીની ગૌશાળામાં ગૌસેવા ક્ષેત્રે સારૂ યોગદાન આપ્યું હતું. અમરેલી નગરપાલિકાની કારોબારી સમિતિના ચેરમેન તરીકે તેમણે પ્રશંસનીય વહીવટ કર્યો હતો. તેમના સમયમાં નગરપાલિકા સંચાલિત ગર્લ્સ હાઈસ્કુલમાં શિક્ષકોની ખેંચના કારણે ગંભીર સમસ્યા સર્જાઈ હતી. આ સમસ્યા તેમણે સારી રીતે ઉકેલી હતી. અમરેલી શહેરમાં જે દબાણો હતા એ તેમણે દુર કરાવ્યા હતા. શ્રી ખીમચંદ મૂળચંદ મહેતા જૈન વિદ્યાર્થી ભવનના બાંધકામમાં તેઓએ સારૂ માર્ગદર્શન આપ્યું હતું.

## ભાતીગળ સૌરાષ્ટ્ર

# કાલીપદ મુખર્જી

**જન્મ : – ૧૬ ફેબ્રુઆરી, ૧૯૦૧, વીરગતિ : ૦૮ નવેમ્બર, ૧૯૩૨**

અંગ્રેજો 'ભાગલા પાડો અને રાજ કરો'ની પોતાની નીતિમાં મહદંશે સફળ રહ્યા હતાં. ક્રાંકિરીઓના દેશવ્યાપી અલગ અલગ સંગઠનો અંગ્રેજી શાસનને હચમચાવી તેમનામાં ભયંકર ડરનો માહોલ સર્જી રહ્યાં હતાં. દેશવાસીઓમાંના કેટલાક અમીચંદોને કારણે અલગ સ્થળેથી અનેક ક્રાંતિવીરો પકડાયા હતા અને સજા ભોગવતા હતા, કેટલાકને ફાંસીના ફંદે કુરબાન થવું પડયું હતું. એવા જ એક અમીચંદની અહીં વાત છે. પાઠનું નામ હતું વિશેષ મેજિસ્ટ્રેટ કામાખ્યાપ્રસાદ. તેમી નિમણૂક અસહકાર આંદોલનને કચડી નાંખીને આદોલનકારીઓને પાઠ ભણાવવા કરવામાં આવી હતી. પણ આંદોલનકારીઓને કચડી નાંખવાના મનસૂબા ઘડનારા કામાખ્યાપ્રસાદને ખતમ કરી નાંખવા માટે એક વીર કયારનોયે જન્મી ચૂકયો હતો અને તનું નામ હતું કાલીપદ મુખર્જી. બાંગ્લાદેશના ઢાકા પાસેના વિક્રમપુરમાં ૧૬ ફેબ્રુઆરી, ૧૯૦૧ના રોજ કાલીપદ મુખર્જીનો જન્મ થયો હતો. આ ક્રાંતિકારીએ






પ્રતિજ્ઞા કરી હતી કે મારા દેશબાંધવો પર જુલમ ગુજારનાર કામાખ્ગા પ્રસાદનું ઢીમ ઢાળી દેવું છે. કામાખ્યા પ્રસાદ આંદોલનકારી માતાઓ અને બહેનો સાથે દુષ્ટ વ્યવહાર કરેલો અને ખૂબ જ અત્યાચાર કરેલા. ક્રાંતિકારીઓએ નકકી કર્યુ કે આ નરાધમ તેની યોગ્ય સજા આપવી. કામાખ્યાને આ યોજનાની ગંધ આવતાં રજા પર ઊતરી જઈ ઢાકા જતો રહ્યો હતો. તેને ક્રાંતિવિરોના દઢ નિશ્ચયનો પરિચય ન હતો. બસ ત્યારે જ કાલીપદ મુખર્જી કામાખ્યાનો પછી કરતા ઢાકા આવી દરજીના મકાનમાં ભાડે રહેવા માંડયા. કામાખ્યાની પ્રત્યેક હિલચાલ પર તેમની બારીક નજર હતી. એક રાત્રે કામાખ્યાપ્રસાદ સેન જયાં રહેતો હતો તે મકાનની બારીમાંથી કાલીપદ અંદર ઘૂસ્યા. જોયું તો કામાખ્યાન સેન ગાઢ નિદ્રામાં હતા. કાલીપદએ તેના પલંગ પાસે જઈ ઊંઘતા કામાખ્યાન સેનને તેની પથારીમાં જ પતાવી દીધો અને ત્યાંથી પલાયન થઈ ગયા. લોકો ભેગા થઈ ગયા. પોલીસે તાર વિભાગને આ અંગે કંઈ પણ હલચલ જણાય તો તરત સમાચાર પહોંચાડવાની સૂચના આપી દીધી હતી. એવામાં એક વ્યકિત આ ઓપરેશન સફળ થઈ ગયું તેવો તાર કરવા આવી. પોલીસે તેને પકડી લીધી. ડરેલી પેલી વ્યકિતએ દરજીની દુકાન પર બેઠેલા કાલીપદનો પતો બતાવી દીધો. કાલીપદને પકડી લેવામાં આવ્યા. તેમણે પોલીસને કહ્યું, 'મેં મારી જાતે કોઈની પણ સહાય વગર કામાખ્યાની હત્યા કરી છે. કારણ કે તેણે નિર્દોષ આંદોલનકારીઓ અને માતાઓ – બહેનો સાથે અભદ્ર વ્યવહાર કર્યો હતો, જે મારાથી સહન ન થયું તે મેં તેની હત્યા કરી છે.' આ દેશભકિતના બદલામાં આ ક્રાંતિવીરને ૮ નવેમ્બર, ૧૯૩૨ના રોજ ફાંસી મળી અન તેઓ વીરગતિ પામ્યા.

**બીજાઓની શિસ્તમાં રહેવાને બદલે પોતે પોતાની શિસ્તમાં રહેવું એનું નામ સ્વતંત્ર્યતા**

# ઈતર વિદ્યા શાખાઓનો પરિચય

વિદ્યાર્થીને આપણે શાળા શિક્ષપ દરમિયાન ઈતર વિદ્યા શાખાઓનો પરિચય કરાવવો જોઈએ. જેમ કૃષિ યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમોથી આપણામાંથી બહુ ઓછા વાકેફ હોય છે તેમ નેનો ટેકનોલોજીના કે એન્જિનિયરિંગ ઈન માઈનિંગના કે વિવિધ મલ્ટીમીડિયા અભ્યાસક્રમોનો પણ એને પૂરતો પરિચય હોવો જોઈએ.

સમુહ માધ્યમોના વિરાટ ક્ષેત્રોમાં પ્રસરાયેલી ઉજજવળ કારકિર્દીની પણ તેને ઝાંખી થવી જોઈએ. ટેકનોલોજીનું ક્ષેત્ર તો એટલું વિશાળ છે કે સામાન્ય મનુષ્ય બે ચાર વિદ્યાશાખાઓ જાણતો હોય એનાથી અનેકગણા અભ્યાસક્રમો અને ઉપવિદ્યાશાખાઓના દ્વાર હવે ખુલ્યા છે અને તેમાં અતિશય ઉજજવળ કારકીર્દીની શકયતાઓ છે. ભૂગોળ




જેવા વિષયના નિષ્ણાતો માટે પણ સરફેસ ટ્રાન્સપોર્ટેશનના ક્ષેત્રે નવી ક્ષિતિજો ખુલી છે. વળી, સોફટવેર અને હાર્ડવેરમાં તો અનેક અવકાશ છે જ.

વિદ્યાર્થીની પ્રતિભાને અનુકૂળ નિર્ણય લેવાની તક મળે એટલા માટે શાળામાં કારકિર્દી માર્ગદર્શનનું અલગ સેલ રચીને આ બધું જ વિશેષ જ્ઞાન એને ઉપલબ્ધ કરાવવું જોઈએ.

# લક્ષદ્વીપ – પ્રવાસ

પરમ પૂજય સ્વામી શ્રી સચ્ચિદાનંદજી


વિશ્વની બધી ઘટનાઓ આપણી ઈચ્છા પ્રમાણે ઘટતી નથી. વિશ્વની વાત જવા દો, આપણા અંગત જીવનની ઘટનાઓ પણ બધી આપણી ઈચ્છા પ્રમાણે ઘટતી નથી. જો બધું જ આપણી ઈચ્છાપ્રમાણે થતું હોય તો કદાચ કોઈ દુ:ખી ન હોય. દુ:ખનું મૂળ ઈચ્છાનો ઘાત છે. ઈચ્છા પૂરી ન થાય એટલે વ્યક્તિ દુ:ખી થાય.

જીવન એક એવી સરિતા છે, જેના એક કિનારે માણસ તરે છે અને બીજા કિનારે તણાય છે. તરવું એ પુરૂષાર્થ છે. પોતાની ઈચ્છાપ્રમાણેના લક્ષ્યને પહોંચવા માટે વ્યક્તિ તરે છે, પણ તણાવું એ લાચારી છે. તણાવું કોઈને પણ ગમતું નથી. તેમ છતાં આપણને કોઈ ન ગમતી દિશા તરફ તાણી જતું હોય છે.

છેલ્લાં બે વર્ષથી અમે લક્ષદ્વીપ જવા માટે પ્રયત્નો કરતા હતા. બે વાર બૂકિંગ માટે પ્રયત્નો કર્યા પણ કોચીનથી ઊપડનાઢં 'ક્રૂઝ' રિપેર થવાના નિમિત્તે રજા ઉપર રહ્યાં તેથી પ્રયત્નો કેન્સલ થયા પણ ફરી ત્રીજી વાર પ્રયત્ન કર્યો તો ક્રૂઝમાં ટિકિટો બૂક થઈ ગઈ અને તે દિશાના પ્રયત્નો ચાલુ થઈ ગયા. મારી પાસે પ્રવાસીઓનો તથા વાચકોનો પણ એક વર્ગ છે. પ્રવાસનું નામ પડતાં જ આ લોકો આવવા માટે તૈયાર થઈ જતા હોય છે અને નવું પુસ્તક નીકળતાની સાથે જ વાંચવા માટે પણ તૈયાર રહેતા હોય છે. ચાહકોનો વર્ગ મળવો એ પણ જીવનનું એક મોટું સદભાગ્ય છે. અમે ૨૦–૨૫ માણસોને જવાની મર્યાદા હતી, પણ જોતજોતાંમાં ૪૬ માણસો થઈ ગયાં. હજી પણ બીજાં પાંચદશ માણસો બાકી રહી જતાં હતાં, પણ ક્રૂઝની કેબિનો પૂરી થઈ જવાથી કામ અટકી પડયું. અમારે જવાની તારીખ ૨૬/૩/૨૦૧૬ નિર્ધારિત થઈ. હજી જવાને ૩ મહિના બાકી હતા ત્યાં એક વિચિત્ર ઘટના બની. બન્યું એમ કે વડોદરાથી કેટલાક વિદ્વાન વિચારકો મારી સાથે ચર્ચા કરવા આવ્યા હતા. ખૂબ પ્રેમથી ચર્ચા કરી અને પછી બધાં મળવા ગયા. શુદ્ધ ચર્ચા કરવી એ પણ જીવનનો એક મોટો લહાવો કહેવાય, કારણ કે તેનાથી જ્ઞાન અને સમજણ વધતાં હોય છે. જે લોકો અશુદ્ધ ચર્ચા કરે છે તેઓ વિખવાદ વધારે છે અને દુ:ખી થાય છે. અમે જમીને બધાં આવ્યા અને સૌ વિદાય થવાની તૈયારી કરતા હતા. મારી એક બહુ મોટી કમજોરી છે કે જમ્યા પછી મારે થોડોક સમય તો આરામ કરવા જોઈએ જ. ખરેખર બપોરે સૂવું ન જોઈએ, પણ આ કુટેવ એવી વળગી છે કે છૂટતી નથી. હું મારી પથારી તરફ જવા લિફટમાં ગયો, પણ ખબર પડી કે લિફટ વીજળી ન હોવાથી ચાલુ નથી, એટલે ધીરેધીરે સીડી ચઢીને ઉપર જવા પ્રયત્ન કરવા લાગ્યો. મને હવે ૮૫ વર્ષ થયાં છે અને હૃદયરોગ હોવાથી સીડી ચઢી શકાતી નથી, એટલે ત્રણેય આશ્રમોના સજજનોએ મને લિફટની સગવડ કરાવી દીધી છે. સીડી ચઢવા માટે સૌથી પહેલું પગથિયું અપેક્ષાકૃત વધારે ઊંચું છે એટલે પાસેના પિલરને પકડીને જોર કરીને થોડું કૂદીને ઉપર જવા પ્રયત્ન કર્યો, પણ પિલર ઉપરથી હાથ છટકયો અને જેટલા જોરથી હું ઉપર જવા પ્રયત્ન કરતો હતો તેટલા જ જોરથી ધડામ દઈને ફર્શ પર પડયો. તરત જ લોકો ભેગા થઈ ગયા. મને ખબર પડી ગઈ કે મારા જમણા હાથનો ખભો તૂટી ગયો છે. તે જરાય હલાવી શકાતો નથી. એટલું સારૂ થયું કે મને બ્રેઈન હેમરેજ ન થયું. જેમતેમ કળ વળી એટલે હું ઊભો થયો. અને બોરસદના ડોકટર ગઢવીને ફોન કર્યો તો તેમણે તરત જ જવાબ આપ્યો કે કહો તો હું આવી જઉં, પણ મારા આવવા કરતાં તમે અહીં આવશો તો વધારે સારી રીતે નિદાન કરી શકાશે. તરત જ ગામમાંથી એક ગાડી આવી અને અમે બધાં ૫–૭ માણસો બોરસદ પહોંચી ગયા. ડોકટર ગઢવીએ ઈમર્જન્સીમાં મારો કેસ લીધો અને નિદાન કર્યુ કે જમણા હાથના ખભાના ચાર કટકા થઈ ગયા છે. ઓપરેશન કરીને બધાંને જોડવા પડશે, વગેરે વગેરે તેમની સ્પેશ્યલ વ્યક્તિ પાસે X-ray કરાવ્યો. પણ મારી દઢ ઈચ્છા હતી કે કુદરતી પ્રક્રિયાએ ખભો જોડાઈ જતો હોય તો જોડાય, પણ ઓપરેશન કરાવવું નથી.

મારી એવી માન્યતા છે કે કોઈ પણ પ્રકારનું ઓપરેશન અથવા કોઈ પણ પ્રકારની દવા ન છૂટકેજ લેવી જોઈએ. વાતવાતમાં ઓપરેશનો કરાવવાં અને વાતવાતમાં ઢગલાબંધ દવાઓ લેવી તે યોગ્ય નથી. અમે આશ્રમમાં પાછા આવ્યા. ઘણો આગ્રહ કરવા છતાં પણ ડોકટર ગઢવીએ એક પૈસાનો પણ ચાર્જ લીધો નહીં. ડોકટરોમાં પણ કેટલાક સંબંધોની પવિત્રતા સમજતા હોય છે અને જીવનમાં ઉતારતા હોય છે. બીજી તરફ કેટલાક એવા ડોકટરો હોય છે કે સગા બાપનો પણ ચાર્જ છોડતા નથી. એક યશ લઈને જીવે છે અને મરે છે, બીજો અપયશ અને ફિટકાર લઈને જીવે છે અને મરે છે.

**બાલમિત્રો,**



દિવાળી ઉજવીને ? મજા પડી ? કોને મજા ન આવે ? તહેવાર જ એવો છે સૌ કોઈનાં હૈયા હરખાય, આનંદિત થાય, ઉમંગ થાય, અબાલ વૃધ્ધ સૌને આનંદ આવે એ દિવાળી, દિવાળી તો દિવડાનો ઉત્સવ, તહેવાર છે તમે પણ દીવડાં પ્રગટાવ્યાં હશે, રંગોળી પૂરી હશે, મીઠાઈ ખાધી હશે, મિત્રો સાથે મોજ કરી હશે તો કોઈ સ્થળ ફરવા ગયા હશો, નવા વર્ષની શુભેચ્છા પાઠવી હશે અને હા ફટાડકા તો ફોડવા જ જોઈએ ફટાકડાનો આનંદ ઓર હોય છે ભલે આપણે ફટાડકા ન ફોડીયા પણ બીજા ફોડતા હોય તો જોવાનો પણ આનંદ હોય છે.

બાલમિત્રો, તમારા માટે એક લેખન છે તેમ દિવાળી કેવી રીતે ઉજવણી તેનુ વર્ણન કરતો નિબંધ લખીને સંપાદકને મોકલજો, મોકલશોને ?

# છ મુર્ખાઓ

**બાલ કથાઓ**



ગિજુભાઈ બધેકા (બાલ સાહિત્યના બ્રહ્મા)

(૧) એક ભરવાડનો છોકરો. રોજ ગાયો લઈને વગડામાં જાય. એક દિવસ વગડે જતો હતો ત્યાં રસ્તે એણે એક બ્રાહ્મણ જોયો. બ્રાહ્મણ ચપટી વગાડતો જાય ને 'રાધાકૃષ્ણ' 'રાધાકૃષ્ણ' એમ બોલતો જાય. ચપટી સાંભળીને ભરવાડના છોકરાને બહુ નવાઈ લાગી. કોઈ દિવસ એણે ચપટી સાંભળી હોય ત્યારે ના? છોકરે બ્રાહ્મણને કહ્યું મહારાજ ! ઈ તમે શું વગાડો છો ?

બ્રાહ્મણ જરા પહોંચેલો હતો. તે તરત જ પામી ગયો. કહે અરે ભાઈ ! એ તો મારી ફૂલકી છે. એ તો મારી પાળેલી છે.

છોકરો કહે ત્યારે મને તમે તમારી ફૂલડી આપો તો હું તમને મારી લીલકી ગાય આપું. બ્રાહ્મણને તો હા પાડવાની જ વાર હતી. ચટ દઈને તેણે છોકરાને ચપટી વગાડતાં શીખવી દીધું અને ગાય લઈને સમાના ભણી ગયો.

છોકરો તો હરખાતો હરખાતો ઘેર આવ્યો. ત્યાં ભાભો ફળિયા વચ્ચે ખાટલો નાખીને બેઠો હતો. હોંશમાં ને હોંશમાં છોકરો કહે ભાભા, ભાભા ! જુઓ તો ખરા ! હું આપણી લીલકી ગાય આપીને આ ફૂલડી લાવ્યો. સાંભળો તો ખરા દાદા ! કેવી સારી વાગે છે !

ભાભો કંઈ છોકરાથી જાય તેવો ન હતો. તે કહે હા માળું આ ફૂલકી તો બહુ ભારે દેખાય છે ! ચટપટ વાગે છે ને પટપટ બોલે છે ! નેસમાંથી નાનાંમોટાં સે ફૂલકી જોવા આવ્યાં. છોકરાનો હરખ કયાંય માય નહિ. વાળુનો વખત થયો એટલે છોકરો કહે – માડી ! આ ફૂલકીને કયાં મૂકું?

મા કહે મૂક પણે કુલડીમાં. જો રહી પેલી કોઠી ઉપર સાચવીને મૂકજે, હો ભા !

છોકરે તો હોંશમાં ને હોંશમાં બમણું ખાધું. પણ હાથ ધોઈને જયાં ફૂલકી લેવા ગયો ત્યાં કુલડીમાં ફૂલકી ન મળે ! છોકરાનું મોં પડી ગયું. તે કહે માડી, માડી ! મારી ફૂલકી ખોવાઈ ગઈ !

ભાભો કહે ઘડીકમાં કયાં જાય ! એ કુલડી જ એને ગળી ગઈ લાગે છે.

બધા કહે તો કુલડીને તાવ્યે જ છૂટકો. એને તાવશું ત્યાં જ ફૂલકી પાછી આવશે.

ફળિયામાં કરી મોટી તાપણી ને અંદર મૂકી કુલડી. મોટો તાપ થયો એટલે છોકરાના હાથ સુકાઈ ગયા અને ચપટી પાછી વાગવા માંડી. છોકરો કહે હવે મારી ફૂલકી આવી !

સૌ રાજીનાં રેડ થઈ ગયાં.

(૨) એક હતો ભૂતનો ભાઈ. વગડામાં રહે એટલે એણે કોઈ દિવસ દીવો ભાળલ નહિ. એ એક વાર મોટા ગામમાં આવ્યો ને એક ભરવાડને ત્યાં ઊતર્યો. રાત પડી એટલે ભરવાડના ઘરમાં દીવો થયો. દીવો જોઈને તો ભાઈ વિચારમાં જ પડી ગયો.

તે કહે માળું, આ ઝગમગિયું તે શું હશે ! આવું તો મેં કોઈ દી દીઠું નો'તું. આ તો કંઈક નવી નવાઈનું લાગે છે ! પણ આ એવું સારૂ છે ના, કે મને કોઈ માગ્યું આપશે નહિ. ઠીક છે, રાત પડશે ને બધાં જંપી જશે ત્યારે એને પેલી ખડની ગંજીમાં સંતાડી દઈશ ને સવારે જઈશ ત્યારે એમાંથી લેતો જઈશ.

સૌ સૂઈ ગયાં. હળવે હળવે ભરવાડ ઊઠયો ને કોઠલા પાસે ગયો. પછી જાળવીને કોડિયાનો દીવો હાથમાં લીધો ને ધીરેથી ખડની ગંજીમાં મૂકયો. પાછો કોઈને ખબર ન પડે એવી રીતે ખાટલામાં આવીને સૂઈ ગયો.

થોડીવાર થઈ ત્યાં તો મોટી જબરી હુતાશની પ્રગટી. ભરવાડભાઈ તો સળગતી ગંજી પાસે જઈને કંઈક શોધવા મંડયા. બધાં કહે– એલા, ત્યાં શું ગોતે છે? આઘો રહે આઘો, નહિતર બળી જઈશ.

ભરવાડ કહે લે ! ત્યાં મારૂ ઝગમગિયું છે. મેં એને સંતાડયું છે. બધાં કહે – અલ્યા, ઝગમગિયું તે વળી કેવું?

મૂરખો કહે નો'તું ઓલ્યું કોઠલા ઉપર? રાતે ઝગમગ ઝગમગ થતું' તું ને રૂપાળું રૂપાળું દેખાતું' તું?

સૌ કહે–અરે ભૂંડા ! ત્યારે એમ કહે ને ? અમે ધાર્યુ કે આગ કોણ લગાડી ગયું હશે?

# હિંમતથી સફળ થવાય

એક હતા રાજા. તેનાં પડોશી રાજાઓ વારંવાર ચડાઈ કરી રાજાનું રાજય પડાવી લેવા લડાઈ કરતા. રાજા પ્રમાણિક જરૂર હતા. પણ યુધ્ધનો ડર લાગતો. મંત્રી સૌનિકો રાજાને હિંમત આપતા પણ રાજા બીકણા હતા.

આવી બીકના માર્યા રાજા ઉદાસ રહેતા. બધાં સમજાવે પણ રાજાની બીક કે ઉદાસી દુર ન થાય. બહાર નીકળવાનું નામ ન લે.

એક દિવસ રાજા શીકારે જાય છે. જંગલમાં દૂર સુધી ચાલ્યો જાય છે. થાક લાગેલ, ભૂખ્યો થયેલો. અચાનક વરસાદ વરસવા લાગ્યો. રાજા આશરો શોધવા આગળ જાય છે. ત્યાં તેમણે એક ગુફા જેવું જોયું વરસાદથી બચવા રાજા ગુફામાં ચાલ્યો ગયો.

વરસાદના અટકવાની રાહ જોતો રાજા ઉભો હતો. ત્યાં તેની નજર દિવાલ પર ગઈ. એક મોટો કરોળીયો દિવાલ ઉપર ચડતો હતો. દીવાલ બળતી હોવાથી તે વારંવાર પડતો. ને ફરીથી ઉપર ચડવાનો પ્રયત્ન કરતોફ વારંવારના પ્રયત્નથી ઉપર ચડી જ ગયો.

રાજા આ જોઈને વિચારવા લાગ્યો કે જો કરોળીયો મહેનત કરી તેના સ્થાને પહોંચી શકતો હોય તો હું કેમ ન કરી શકું. ? મારે પણ હિંમતથી લડવું જોઈને રાજાને બચાવવું જોઈએ.

પછી તો રાજામાં હિંમત આવી ગઈ. પડોશી રાજાઓને પણ ધૂળ ચાટતા કરી દીધા. કોઈ તેનું નામ લેતું નહિ.

કહે છે ને હિંમતે મરદાં તો મદદે ખુદા.– **નામ : દેવગણિયા વિધિશા જગદીશભાઈ, ધો : ૭**

# મેથીનાં પકોડા

એક સમયની વાત હતી. એક કજુસમલ નામનો શેઠ રહેતો હતો તેને એક વિશાળ સુંદર હવેલી હતી. જેમાં તે પોતાના પરિવાર સાથે રહેતો. કજુસમલનાં ઘરમાં એક નોકર પણ હતો. જે ઘરના કામ કરતો કજુસમલની હવેલી પાસે જ તેના નોકરની ઝોપડી હતી જે તે પોતાના ગરિબ પરિવાર સાથે રહેતો.એક દિવસ કજુસમલને ખુબ સારી સુગંધ આવી તેથી તેને સુગંધ પીછો કર્યા તે પોતાના નોકરના ઘ,રની આવતી હતી તે ત્યાંથી ચાલતો થયો પછી જયારે તેનો નોકર તેના ઘરે કામ કરવા આવ્યો ત્યારે કજુસમલે પુછયું, ''તારા ઘરેથી આટલી સારી સુંગધ કેમ આવતી હતી ?'' ત્યારે નોકરે જવાબ આપ્યો ''કેમ કે અમે મેથીના પકોડા બનાવ્યા હતા તેથી...''કજુસમલે કહ્યું તુ દરરોજ મેથી પકોડા બનાવજે નોકરે 'હા' પાડી દરરોજ કજુસમલે સુંગધ લીધી પછી થોડા દિવસ પછી ત્યાં નોકર તેની પાસે આવ્યો ને કહ્યું, ''મેથી પકોડા બનાવવામાં ઘણા સામાનની જરૂરી પડે છે મેથી મને તેમાં પૈસા જોઈએ છે.''કજુસમલ કજુસ હોવાથી તેને નોકરને બહાર બેસાડી રૂમની અંદર જય રૂમનો દરવાજો બંધ કર્યા અને સોનાનાં સીકાનો અવાજ કર્યા પછી તે ખાલી હાથે બહાર આવ્યો.કજુસમલને બહાર આવતો જોઈએ નોકર બોલ્યા પૈસા ? ત્યારે કજુસમલે કહ્યું ''તે પૈસાના સિકકાનો અવાજ સાભળ્યો'' તો નોકરે કહ્યું કે ''હા''.કજુસ મલે કહ્યું મેં મેથી પકોડાની સુંગધ જ લીધી છે. તેમ તારે પણ પૈસાનો અવાજ જ સાંભળવાનો હતો.– **નામ : દાફડા સુહાના કિશોરભાઈ, ધોરણ : ૭ એ,શાળા : રૂપાયતન પ્રા. શાળા**

# હાથી હાર્યો

**લેખક પરિચય**
**નામ : હસમુખ બોરાણિયા**
**જન્મતારીખ : ૧૮.૦૫.૧૯૫૯**
**વતન: બાબાપુર, હાલ: અમરેલી.**
**વ્યવસાય: નિવૃત્ત પ્રિન્સિપાલ, (પ્રાથમિક શાળા)**

નાનકડી રીષિક. દાદીમાં પાસેથી દરરોજ વાર્તા સાંભળે. એક દિવસ રીષિકાએ કહ્યું, "હુ વાર્તા કહું" દાદીમાં નવાઈ પામતાં કહે, "હા." રીષિકાએ કહેલી બાળવાર્તા માણીએ :

એક હતું જંગલ. જંગલમાં તો અનેક પ્રાણીઓ રહે. વાઘ, દીપડા, હાથી, જીરાફ, હરણ, શિયાળ, વરૂ અને નાનાં – નાનાં સસલાં પણ ખરાં ! આ જંગલનો એક હી. એક કહેવો એના કરતાં નામ જ આપી દઈએ, મોટું હાથી. એક સસલું, એનું નામ દઈએ છોટું સસલું, આ મોટું છોટું બંને ખાસ ભાઈબંધ બની ગયેલા. આખો દિવસ સાથે હરે – ફરે મજા કરે ! જંગલમાં બધાંને નવાઈ લાગતી. હાથી જાડો, મોટો ને સસલું નાનું નાજુક ! આ બંનેની ભાઈબંધી ? પણ ભાઈ, મિત્રતા તો ગમે તેની સાથે થાય !એમાં વળી નાનાં – મોટાં ગરીબ તવંગર એવું થોડું હોય ?

જંગલમાં બપોર વચ્ચે બંને ભાઈબંધ આરામ કરે. વળી થોડું ઘણું ઘાસ ખાય.... સાંજે રમતો રમે ! બંને ભાઈબંધને રમત રમતાં જોઈને બીજા પ્રાણીઓ પણ આવવા લાગ્યાં ! રમતો રમવા લાગ્યાં ! એક દિવસ બધાં સંતાકૂકડી રમતાં હતાં. હવે થયું એવું, કે પહેલો દાવ હાથીનો આવ્યો. હાથી તો ઝાડના ટેકે માથું ટેકવીને, આંખ બંધ કરીને બોલે, એક... બે... ત્રણ... દસ. દસ, ગણે ત્યાં સુધીમાં તો બધાં પ્રાણીઓ સંતાઈ જાય. સસલું તો કોઈ ઝાડ પાછળ કે માટીના ઢેફા પાછળ



# કબુકબુ, આજા, આજા!
## હસમુખ બોરાણિયા

સંતાઈ જાય. શિયાળ પણ નાની બખોલ શોધીને સંતાઈ જાય. બધાં પ્રાણીઓ શરીરમાં નાનાં એટલે ગમે ત્યાં સંતાઈ જાય. હાથી કોઈને શોધી જ ના શકે ! એટલે તો દાવ ઊતરે જ નહીં. એમાં હાથી દાવ ઊતર્યો ! કેવી રીતે ખબર છે ? સાંભળો, સંતાકૂકડીની રમત જામી હતી. સૌ સંતાઈ ગયાં હતાં. સસલું માટીના ઢેફા પાછળ સંતાઈ ગયું હતું. એમાં કંઈક અવાજ આવતાં સસલું તો ડરી ગયું. ને ભાગવા લાગ્યું. હાથીએ તેને શોધી કાઢયું. આ રીતે સસલું થઈ ગયું આઉટ હાથીનો દાવ ઊતર્યો અને સસલાનો દાવ આવ્યો સસલું તો આંખ બંધ કરીને ઝાડને ટેકે માથું ટેકવીને ગણવા માંડયુંપ એક... બે... ત્રણ... બધાં પ્રાણીઓ દોડીને સંતાઈ ગયાં. પણ હાથી મૂઝાંયો. કયાં સંતાવું. ? આવડું મોટું શરીર ! ઘડીક વિચાર્યુ, પેલો કાળ ો ડિબાંગ પહાડ દેખાય ને ત્યાં સંતાઈ જાઉં, પણ ત્યાં પહોંચવું કેમ ? હું સસલાની જેમ ઝડપથી દોડી પણ નગી શકતો. ત્યાં સુધીમાં સસલું દસ ગણી લેશે, હું પકડાઈ જઈશ. આમ વિચારીને ગમે તેમ કરીને ઝાડ – પાન અને વેલાઓની પાછળ સંતાઈ ગયો.

દાનદીમાએ ધીમેથી પૂછયું "પછી શું થયું ?"

રીષિકા બોલી, "પણ મોટું શરીર ! વળી જંગલનાં મચ્છર હેરાન કરે. એટલે પૂંછડી અને કાન હલાવે. એમાં સસલાએ હાથીને શોધી કાઢયો. વળી પાછો દાવ હાથી ઉપર આવ્યો. ને હાથી ગણવા લાગ્યો, એક... બે... ત્રણ... ને દસ.

આવું થયું બોલો !"

# મારો સ્વાનુભવ

હારે તો હાર નથી જીત છે.

હું દિવાળીના વેકેશનમાં વડોદરા જુડોની સ્પર્ધામાં ગઈ હતી. ઘણા સમયથી પ્રેકટીસ થઈ નહોતી. છતાં મેડમે સ્પર્ધામાં જવાનો આગ્રહ કર્યો. હું અને સંકુલના મેડમ વડોદરા પહોંચી ગયા.

સવારે અમેં જુડો સેન્ટર પર પહોંચી ગયા. મારે ૪૮ KGમાં રમવાનું હતું. પણ હું તો ૪૦ KGમાં રમતી હતી. પણ મેડમનો આગ્રહ હતો કે તારે ૪૮ KGમાં રમવાનું છે. જયારે મારૂ વજન થયું ત્યારે ૩૯ KG થયું ચિંતા વધી ગઈ ખૂબ પાણી પીધું. પછી વજન ૪૪,૯૦૦KG થયું રમત શરૂ થઈ બધાં મને હિંમત આપતા હતાં.

હું મારી બાઉટની રાહમાં હતી. મેડમે મને પ્રોત્સાહન આપતાં કહ્યું કે "તારે મેડમ જીત વખતે જ છે." મને હિંમત આપી બધાં હિંમત આપતાં હતાં.

આ વજનમાં મારે પહેલીવાર રમવાનું આવેલું હતું. મને બીક જરૂરીપણ નહોતી. હું મેદાનમાં ઉતરી. જયારે મેં લઈ સામેવાળી છોકરીને ટેકનીક મેદાનમાં ઉતરી. જયારે મને તે ખૂબ જ ભારે લાગી. પણ મારે જીતવું હતું. સાથોસાથ તબિયત પણ બગડી હતી. મારો દાવ, બાઉટ સાથી ગયોને હું હારી ગઈ. હું નિરાશ થઈ ગઈ. પણ મેડમે મને અધિયારોની હિંમત આપી મને થોડું દુ:ખ થયું પણ મેં મનમાં નકકી કર્યુ કે હું આવતે વખતે વધુ મહેનત કરીને મેડલ જીવીને જ રહીશ. બધાએ મને હવે પછીની રમત માટે તૈયાર થયા સલાહ આવી.

હું ભાગ્યશાળી છું કે મને ટ્રેનિંગ માટે તૃપ્તિ મેડમ, નીવા દીદી તથા અન્ય સ્પર્ધકો ભાઈ – બહેનો મારો ઉત્સાહ વધારતા જ રહે છે. બીજી સ્પર્ધાની તૈયારીમાં હું લાગી ગઈ.–**નામ : હેલૈયા શિવાની, ધો : ૯, શાળા : રૂપાયતન**

# દૂધનો દાઝયો છાશ પણ ફુંકી ફૂંકીને પીએ


અર્થ : એક વાર કડવો અનુભવ થયા પછી ભય ન હોય ત્યાં પણ ભય દેખાય. એટલે કે એક કટુ અનુભવ માણસને વધુ સાવધાન બનાવે છે.

વાર્તા

રેયાંશને દૂધ પીવાનું બહુ ગમતું હતું. દરરોજ તે ઓછામાં ઓછું એક લિટર દૂધ પી જતો હતો. તેની મમ્મી પણ એના માટે એક મોટો ગ્લાસ ભરી ડાઈનિંગ ટેબલ પર તૈયાર રાખતી હતી. ન્હાઈધોઈને બાથરૂમમાંથી બહાર આવતાં જ રેયાંશ દૂધ ગટગટાવી જતો.


એક દિવસ સવારમાં કોઈ કામને કારણે મમ્મીને દૂધ ગરમ કરવામાં મોડું થયું. એણે ગ્લાસ ભરીને દૂધ ટેબલ પર મૂકયું અને અધૂરૂ કામ પૂરૂ કરવા થોડી વાર બહાર ગઈ. એટલામાં રેયાંશ હાંફળો – ફાંફળો આવ્યો અને ગ્લાસ મોઢે માંડી એક મોટો ઘૂંટડો ભર્યો. દૂધ ખૂબ ગરમ હતું. રેયાંશના હોઠ અને જીભ દાઝી ગયાં. એ જોરજોરથી રડવા લાગ્યો. મમ્મીએ દોડતા આવી તેને ગળે લગાડયો અને દવા ચોપડી.

આ ઘટના પછી રેયાંશ એટલો ડરી ગયો કે ઠંડા દૂધને પણ ફૂંક મારી મારીને ખૂબ સાવધાનીથી પીવા



# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો





# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી
# જ્ઞાન ઝરણા

## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧. જેને બ્રહ્મચર્યનું પાલન કરવું છે તેણે લાકડાની સ્ત્રીને પણ શરીર કે મનથી પણ સ્પર્શ ન કરવો.
૨. બ્રહ્મચર્ય પાળવું હોય તો સ્ત્રીના કેશ તરફ કે મુખ તરફ ન જોવું. સ્ત્રીના મુખમાં અને કેશમાં કામ વસે છે. ઈન્દ્રિયો એટલી બળવાન છે કે ભલભલા વિદ્વાનોને પણ ચળાવી દે છે.
૩. પુરૂષ પરસ્ત્રીને કામભાવનાથી જુએ તો કાળું થાય છે.
૪. બિલકુલ પરિચય ન હોય અને માથું નમે તો માનજો કે આ કોઈ ઈશ્વરનો અંશ છે.
૫. તમારી આવકનો પાંચમો ભાગ દાન કરો. ઘરમાં આવેલું ધન સઘળું શુદ્ધ હોતું નથી.
૬. ભિખારી ભીખ માગવા આવતો નથી પણ તે ઉપદેશ આપવા આવે છે.
૭. પવિત્ર સદાચારી બ્રાહ્મણો, સતી સ્ત્રીઓ આ ધરતીને ટકાવે છે.
૮. સંકલ્પ પ્રમાણે દાન ન આપે તો મનુષ્ય નરકમાં જાય છે.
૯. ભવિષ્યનો વિચાર કરી આવકનો પાંચમો ભાગ બચાવવો જોઈએ.
૧૦. તમારી પાસે પૈસા હશે તો સગાઓ સેવા કરશે.

# જ્ઞાનમંજરી

## ભારતનાં મહત્વનાં સ્થળો

(૧) ભારતમાં સૌથી ઉચ્ચુ તાપમાન કયા અનુભવાય છે ? – શ્રી ગંગાનગર
(૨) કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન કયા પ્રાણીઓ માટે છે ? – ગેંડા, જંગલી ભેંસ, હરણ
(૩) ભારતની સૌથી જુની ગિરિમાળા કઈ છે ? – અરવલ્લી
(૪) ભારતના દક્ષિણ ભાગના મેદાનને કયા નામથી ઓળખાય છે ? – મલબારનું મેદાન
(૫) ભારતીય વિસ્તારમાં હિમાલયનું સૌથી ઉચ્ચું શિખર કર્યુ છે. ? – $K_2$ ગોડવીન ઓસ્ટીન
(૬) વાઘ માટે પશ્ચિમ બંગાળમાં કયું અભયારણ છે ? – સુંદરવન
(૭) હીરાકુંડ બંધ કઈ નદી પર બાંધવામાં આવ્યો છે ? – મહાનદી
(૮) તમિલનાડુનું પરમાણુ મથક કયું છે ? – કલ્પકકમ
(૯) મરીનો પાક લેતુ રાજય કયુ છે ? – કેરલ
(૧૦) દેશનું સૌથી મોટુ ખનિજ શુધ્ધિકરણનું કારખાનું કયા સ્થળે છે ? – જામનગર

# ઝળહળ ઝાકળ
## લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

### ભોજન....કળા ?

ભોજન કરવું એ એક કળ ા છે. રૂચિકર, સાત્ત્વિક, પ્રમાણસર ખોરાક આનંદભાવે આરોગવાથી સારૂં પાચન થાય છે. આજના ધમાલિયા જીવનમાં તો લોકો ભૂખ હોય કે ના હોય, ગમે તેવું, ગમે ત્યારે પેટમાં પધારવતા રહે છે. તેમની 'ભોજયેષુ માતા' રેંકડીઓ હોય છે ! અને પછી પાઘડીનો વળ છેડે આવતા રોગના ભોગ બને છે.

જોબરવું, જોંહટવું, ઓઘાવવું, ગળચવું, ખાવું, જમવું, આરોગવું, પ્રસાદ લેવો – આ પશુથી માનવ સુધીના ભોજનના શબ્દ પગથિયાં છે. આમાં આપણે કયાં ? – તપાસનો વિષય ! !

# પ્રયોગ – ૧૯
# ઓકિસજનની બનાવટ

હેતુ : પ્રયોગશાળામાં ઓકિસજન વાયુ બનાવવો અને તેના ગુણધર્મો તપાસતા.

સાધન : ટેસ્ટ ટયુબ હોલ્ડર, અગરબત્તી, મીણબત્તી, કશનળી, બોકસ.

પદાર્થો : પોટેશિયમ પરમેંગેનેટ $(KM_nO4)$

રીત : એક કસનળી લો.

તેમા પોટેશિયમ પરમેગેનેટનો ભુકો નાખો.

હવે કસનળીને ટેસ્ટટયુબ હોલ્ડર વડે પકડો.

હવે મીણબત્તીની મદદથી આકૃતિમાં બતાવ્યા પ્રમાણે કસનળીને ગરમ કરો.

કસનળીમાં રહેલો પોટેશિયમ પરમેગેનેટ ગરમ કરતાં તેમાં તડ – તડ અવાજ આવશે તથા વાયુ નીકળતો દેખાશે.

આમ થાય ત્યારે આકૃતિમાં દર્શાવ્યા મુજબ કસનળીમાં (ધ્રુમાયમાન) અગરબત્તી થોડા સમય સુધી રાખો અને અગરબત્તીનું અવલોકન કરો.

અવલોકન : (૧) અગરબત્તી જયોતની સાથે સળગી ઉઠશે.

(૨) પોટેશિયમ પરમેગેનેટને ગરમી આપતા તેનું વિઘટન થવાથી ઓકિસજન વાયુ ઉત્પન્ન થાય છે.

(૩) ઓકિસજન સળગતી અગરબત્તીનાં સ્પર્શમાં આવવાથી જયોતની સાથે સળગી ઊઠે છે.


(૪) રંગ : ગંધ

(૫) પાણીમાં દ્રાવ્ય તા :

તારણ : આ રીતે પ્રયોગશાળામાં ઓકિસજન વાયુ મેળવી શકાય.

જાણો $2KM_nO4$ ગરમ કરતાં $K_2M_nO4 + MnO_2 + O_2$

વિઘટન પોટેશિયમ પોટેશિયમ મેગેનીઝ ઓકિસજન
પરમેંગેનેટ મેગેનેટ ડાયોકસાઈડ વાયુ



# પ્રયોગની પાંખે
## વિજ્ઞાન નગરી
## પ્રકાશક: શ્રી બળવંત પારેખ

# ઝંઝાવાતની ઝપેટમા

માયાબંદર આવે ત્યારે મને થોડાક દિવસલ વીત્યા હતા. કલકત્તાની એક ટીમ્બર કંપનીએ ઉત્તર આંદામાનના કેટલાક ટાપુઓ વૃક્ષો કાપવા પટ્ટા પર લીધેલાં. કામકાજની દેખરેખ માટે તેમણે માયાબંદર ખાતે જે ઓફિસ શરૂ કરેલી તેમાં હું એક કારકુન હતો.

અમારી કપનીનું એક માલવાહક જહાજ મહિનામાં બે વખત કલકત્તા – માયાબંદર વચ્ચે અવર–જવર કરતું. તેમાં પેસેન્જરો માટે ચારેક કેબિન પણ હતી.

હું તેમાં માયાબંદર આવેલો ત્યારે એક વેપારી મહાશય મારી સાથે હતા. તેઓ અહીં આસપાસના ટાપુઓ પરથી છીપલાં એકઠાં કરવાનો ધંધો કરતા. ચારેક દહાડાની મુસાફરીના પરિચયને કારણે તેમણે મને પોતાની સાથે નૌકાવિહાર માટે આમંત્રણ આપેલું.

શનિવારે ઓફિસમાં અર્ધા દિવસની રજા હોઈ, અગાઉથી નકકી કર્યા મુજબ હું બપોરે ચારેક વાગે માયાબંદરની જેટ્ટી પર પહોંચ્યો. મારા યજમાન મિત્ર પહેલેથી ત્યાં હાજર હતા.

## સુજલની સાહસકથા
## નલિન મહેતા
### પ્રકાશક : ભદ્રા મહેતા

મને જોતાવેંત તેઓ બોલ્યા : ' 'માફ કરજો ભાઈ, આપણો આજનો કાર્યક્રમ રદ કરવો પડશે. પોર્ટબ્લેરથી એક ગ્રાહકનો તાર મળતાં મારે આજ સાંજની લોંચમાં ત્યાં જવું પડે તેમ છે."

"પણ તો પછી આ...?" મેં સહેજ નાસીપાસ થઈ જેટ્ટીને નીચલે પગથિયે થનગન કરતી હોડી પ્રત્યે દષ્ટિ કેન્દ્રિત કરતા પૂછયું.

"એ તો મેં આપણા પ્રવાસ માટે સોમવાર સુધી ભાડે રાખી લીધેલી," તેમણે ખુલાસો કર્યો. પછી મારી મુખમુદ્રા નિહાળી ઉમેર્યુ : "ચાહો તો આવતી કાલની રજામાં પિકનિક માટે એનો ઉપયોગ કરી શકો છો."મેં તેમનો આભાર માન્યો, અને થોડી પરચૂરણ વાતો કર્યા બાદ મારા વેપારી મિત્રે વિદાય લીધી.મને તેમનું સૂચન ગમ્યું. સાથે મનમાં વિચાર ઉદભવ્યો : શા માટે અત્યારે જ હોડીમાં એક નાનું ચકકર ના લગાવી આવવું ?કોલેજકાળ માં બોટકલબનો મેમ્બર હોવાથી મને પદ્ધતિસર હલેસાં મારતા આવડતું. છતાં અજાણ્યા સમુદ્રમાં હું વિશેષ જોખમ ખેડવા માગતો નહોતો. તેથી મેં નકકી કર્યુ કે ઉત્તર દિશામાં એકાદ કલાક પ્રયાણ કરવું અન ત્યારબાદ સીધેસીધા પાછા ફરવું.

# ઈશ્વર છે તેની ખાતરી

જો હાનિસબર્ગમાં ગાંધીજી વહેલા ઊઠે છે, પ્રાર્થના કરે, કોઈ વાર ઘંટીથી ઘઉં દળે, ચૂલો સળગાવે અને કીટલીમાં પાણી ગરમ કરવા મૂકે.

## મારા ગાંધીબાપુ
## ઉમાશંકર જોશી
### સંપા. મહેન્દ્ર મેઘાણી

મકાનના જાજરૂની બાલદીવો છથી દસ ફૂટ જેટલી ઊંચાઈવાળી એન ટાંકીમાં સાફ થતી. નાહવા – ધોવાનું પાણી પણ એમાં એકઠું થતું. એ ટાંકી ખાલી કરવા અઠવાડિયે મ્યુનિસિપાલિટીની બે ઘોડાથી ખેંચાતી લોખંડી ટાંકી લઈને હબસીઓની ટુકડી આવતી.

સફાઈકામ પૂરૂં થાય એટલે સ્વચ્છ થઈ, ઠંડી હોય ત્યારે તો પૂરતાં કપડાંને અભાવે ધ્રૂજતા, હબસીઓ ગાંધીજી પાસે આવે.

એમનાં ટમ્લરમાં પોતાને હાથે બનાવેલી ગરમ ગરમ ચા કીટલીમાંથી રેડવાનો ગાંધીજીનો ક્રમ હતો.ગરમ ગરમ ચા પીતાં પીતાં આભાર દર્શાવતા તેઓ ડાબો હાથ ઊંચો કરીને ઝૂલુ ભાષામાં કહેતા :' ' 'કોસ બાબા ફેઝલુ' – 'ઈશ્વર ઉપર છે', પણ એની ખાતરી તો અમને તમારી આપેલી આ ગરમ ગરમ ચાના પ્યાલાથી થાય છે."

# ધાધર

કારણ : સ્વચ્છતાના અભાવે તેમજ રકતને દૂષિત કરનારા આહાર – વિહારથી ધાધર થાય છે.
૧. રાઈને વાટી, દહીં સાથે લઢી ધાધર પર લગાવવાથી ધાધર મટે છે.
૨. કુવાડિયાનાં બીજ ખાટા દહીંમાં લસોટીને ધાધર પર લગાડવાથી ધાધર અવશ્ય મટે છે.
૩. ઘૂંટી સોપરી જેવડી સોગઠી બનાવી લેવી. આ સોગઠી ધાધર ઉપર પાણી સાથે ઘસી લગાડવાથી ધાધર ખરજવું મટે છે.

(૪૫) પગની એડીનો દુ:ખાવો
કારણ : અમ્લપિત્ત (હાઈપર એસિડિટી)ના કારણે હોજરી કે નાના – મોટા આંતરડામાં ચાંદા પડે છે.
૧. અલ્સરના દર્દીએ આઠથી દસ દિવસ સંપૂર્ણ આરામ કરવો. ચા, પાન, બીડી, સીગરેટ, તમાકુ આદિ વ્યસનો કાયમ માટે છોડી દેવાં. આઠ – દસ દિવસના આરામ દરમ્યાન માત્ર દૂધ ઉપર જ રહેવું. ખોરાક ન લેવો.
૨. અલ્સર માટેનો રામબાણ પ્રયોગ : એક ગ્લાસ બકરીનું દુધ લઈ, તેમાં એક ગ્લાસ પાણી ઉમેરવું. આ મિશ્રણમાં એક તોલો શતાવરીનું ચૂર્ણ અને બે એલચીદાણા

## સૌનું આરોગ્ય
:: લેખક ::
વૈદ્ય પ્રદિપ આસ્તિક
૮૦ દર્દી પરના સરળ તેમજ સચોટ ૨૯૦ પ્રયોગોનો સંગ્રહ



નાખીને ધીમા તાપે ઉકાળવું. જયારે પાણી બળી જાય અને માત્ર દૂધ જ રહે ત્યારે નીચે ઉતારી, જરૂર પૂરતી સાકર નાખી ઠંડુ થયે પી જવું. દિવસમાં બે – ત્રણ રીતે દૂધ બનાવી પીવાથી અલ્સર મટે છે અમ્લપિત્તના દર્દીઓ પણ આ પ્રયોગ કરી રોગમુકત બની શકે છે.

(૪૬)પેટનું ચાંદુ (અલ્સર)
કારણ : અમ્લપિત્ત (હાઈપર એસિડિટી)ના કારણ હોજરી કે નાના – મોટા આંતરડામાં ચાંદા પડે છે.
૧. અલ્સરના દર્દીએ આઠથી દસ દિવસ સંપૂર્ણ આરામ કરવો. ચા, પાન, બીડી, સિગરેટ, તમાકુ આદિ વ્યસનો કાયમ માટે છોડી દેવાં. આઠ – દસ દિવસના આરામ દરમ્યાન માત્ર દૂધ ઉપર જ રહેવું. ખોરાક ન લેવો.ર. અલ્સર માટેનો રામબાણ પ્રયોગ : એક ગ્લાસ બકરીનું દૂધ લઈ, તેમાં એક ગ્લાસ પાણી ઉમેરવું. આ મિશ્રણમાં એક તોલો શતાવરીનું ચૂર્ણ અને બે એલચીદાણા નાખીને ધીમા તાપે ઉકાળવું. જયારે પાણી બળી જાય અને માત્ર દૂધ જ રહે ત્યારે નીચે ઉતારી, જરૂર પૂરતી સાકર નાખી ઠંડુ થયે પી જવું. દિવસમાં બે – ત્રણ વખત આ રીતે દૂધ બનાવી પીવાથી અલ્સર મટે છે અમ્લપિત્તના દર્દીઓ પણ આ પ્રયોગ કરી રોગમુકત બની શકે છે.

# વિવેકનો આશ્રય

માગીશ તો ભગવાન પાસે જ

મહારાજ વિક્રાંત એકવાર જંગલમાં ભૂલા પડયા. રાત્રે એક ખેડૂતને ત્યાં આશરો મળ્યો. તેણે ખૂબ પ્રેમપૂર્વક મહારાજનો સ્વાગતસત્કાર કર્યો. મહારાજ જયારે વિદાય થતા હતા ત્યારે રાજમુદ્રાવાળ ો એક કાગળ આપ્યો અને કહ્યું કે જયારે પણ કોઈ મુશ્કેલી કે જરૂર હોય તો આ પત્ર લઈને રાજદરબારમાં આવજો.

દુર્ભાગ્યે એકવાર ખેડૂતની આર્થિક સ્થિતિ સાવ બગડી ગઈ. તેને ખાવાનાંય ફાંફાં પડવા માંડયાં. તેને યાદ આવ્યું કે રાજાએ મને મદદ કરવાનું કહ્યું હતું આથી તે રાજદરબારમાં ગયો. તે વખતે રાજા પૂજાઘરમાં હતા. રાજયપત્રના લીધે પહેરેદારોએ તેને પૂજાઘર સુધી જવા દીધો. તેણે જોયું કે મહારાજ પોતે પણ હાથ ફેલાવીને ભગવાન પાસે કંઈક માગી રહ્યા છે. એ જોઈને તેનો આત્મવિશ્વાસ જાગી ગયો. તેણે વિચાર્યુ કે જો ભગવાન જ બધાને આપતા હોય તો પછી માણસ પાસે શા માટે માગવું? તેતરત જ પાછો વળી ગયો. મહારાજ તેને પાછો વળતાં જોઈ ગયા, તો તેને રોકયો અને તેને કંઈક આપવાની ઈચ્છા પ્રગટ કરી, પરંતુ ખેડૂતે કહ્યું કે મહારાજ ! આવ્યો હતો તો માગવા, પણ હવે તમે જેની પાસે માગો છો તેની પાસે જ માગીશ.

# આ મારું ચિત્ર છે




કિંજલ નરેશભાઈ વાઘેલા
(ધોરણ–૭, શ્રી પાણિયા પ્રા.શાળા)



રૂપલ રસિકભાઈ ડાભી
(ધોરણ – પાણીયા પ્રા.શાળા)




શિયાળ માહી કમલેશભાઈ
(ધો.૫, શ્રી પાણિયા પ્રા.શાળા)



કથિરીયા જીલ વિપુલભાઈ
(ધોરણ. –૭ પાણિયા પ્રા.શાળા)

# સાવરકુંડલા ખાતે પૂ. જલારામ બાપાની રરપ મી જન્મજયંતીની આસ્થાભેર ઉજવણી



સાવરકુંડલા ખાતે આજરોજ સંતશિરોમણી પ. પૂ. જલારામ બાપાની રરપમી જન્મજયંતિની ખૂબ જ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી. આપ્રસંગેઅહીં જલારામ મંદિરે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાંઆવેલતેમજ લોહાણા મહાજન વાડીખાતે લોહાણા મહાજન દ્વારા પપૂ. જલારામ બાપાની જન્મજયંતિ નિમિત્તે સમગ્ર રઘુવંશી સમાજ તેમજ પ. પૂ. બાપાના ભક્તો માટે બપોરે તેમજ સાંજે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ.આ બંને સમયના ભોજન પ્રસાદના દાતા રમેશભાઈ બાબુલાલ મશરૂ ચરખડિયાવાળા છે. આ પ્રસંગે જલારામ ભક્તો દ્વારા સમગ્ર શહેરમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જલારામ જયંતિ નિમિત્તે પૂ. જલારામ બાપાની શોભાયાત્રા શહેરમાં નિકળતાં શહેરનાં ભાવિકો પણ દર્શન કરી ધન્યતા અનુભવતાં જોવા મળેલ. આ શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી અને પૂ. બાપાના ગુરૂ ભોજલરામ બાપાના મંદિરે વંદન કરી સંપન્ન થઈ હતી. આ પ્રસંગે જલારામ મંદિર સાવરકુંડલા ખાતે મંગળા આરતી, પૂજન અર્ચન, પ્રવજા રોહણ, શોભાયાત્રા, રાજભોગ આરતી, સંતભોજન અન્નકૂટ દર્શન, સાયં આરતી તેમજ રાત્રે ભજન સંપ્રયા જેવા ધાર્મિક કાર્યક્રમો જલારામ સત્સંગ મંડળ દ્વારા યોજાયા હતા.

પાના ૮ ઉપરનું ચાલું **રાજુલાનાં બારપટોળી ગામનાં**

બારપટોળી ગામે આહીર સમાજની વાડી ખાતે આહીર સ્નેહ મિલનમાં ગયેલ હોય. તે દરમ્યાન સંજય નરશીભાઈ કાતરીયા, નરશીભાઈ પુનાભાઈ કાતરીયા સહિત ૭ જેટલાં ઈસમોએ એકસંપ કરી ગેરકાયદે મંડળી રચી છરી જેવા તિક્ષ્ણ હથિયાર લઈ આવી યુવકને કહેલ કે તું અહિ કેમ ઉભો છો તેમ કહી ગાળો આપી પકડી રાખી ગંભીર ઈજા પહોંચાડવાના ઈરાદે યુવકને શરીરે આડેધડ ઢીકાપાટુનો માર મારી ડાબા પડખાના ભાગે વારા ફરતી બે જીવલેણ ઘા મારી તથા ડાબા હાથના બાવડા પર એક ઘા મારી ગંભીર ઈજા કરી યુવકને મારી નાખવાના ઈરાદે ફરિ. ઉપર જીવલેણ હુમલો કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું **બાબરાનાં મોટા દેવળીયા ગામે**

તેમના દિકરા અનિલ સાથે આરોપી બાબુભાઈએ ઝઘડો કરેલ હોઈ અને ગાળો આપેલ હોય. જેનુ મનદુઃખ રાખી ગઈ કાલ તા. ૬ના સાંજના છએક વાગ્યાના સમયે તે જ ગામે આરોપી બાબુભાઈ, મુનાભાઈ તથા ભરતભાઈએ અનિલ સાથે ઝઘડો કરી યુવકને જમણા પગના નળા ઉપર લોખંડની કુહાડી મારી ઈજા કરી ફેકચર કરેલ હોય તથા લોખંડના પાઈપનો એક ઘા યુવકના પત્નિના માથામાં મારી ઈજા કરેલ હોય. યુવકના માતા કાન્તાબેનના ડાબા હાથના બાવડા ઉપર પાઈપનો ઘા મારી ફેકચર કરેલ હોય તેમજ યુવકના દિકરા અનિલને મુંઢમાર મારી ગાળો આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૨૦ | ૧૫૫૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૮૨ | ૧૧૭૫ |
| ૨ | શિંગ મોટી | ૭૬૦ | ૧૩૭૦ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૯૯૫ | ૧૧૫૧ |
| ૪ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૫૨૫ |
| ૫ | તલ કાળા | ૨૭૯૦ | ૪૦૨૫ |
| ૬ | બાજરો | ૪૭૦ | ૫૮૪ |
| ૭ | જુવાર | ૬૪૦ | ૬૪૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૩૭ | ૬૭૨ |
| ૯ | ઘઉં લોકવન | ૫૫૦ | ૬૪૨ |
| ૧૦ | મકાઈ | ૪૭૪ | ૪૮૪ |
| ૧૧ | મગ | ૧૩૪૦ | ૧૩૪૦ |
| ૧૨ | અડદ | ૮૮૦ | ૧૪૯૦ |
| ૧૩ | ચણા | ૮૫૦ | ૧૪૧૬ |
| ૧૪ | કપાસ | ૭૬૦ | ૧૬૦૬ |
| ૧૫ | એરંડા | ૧૦૮૦ | ૧૨૨૦ |
| ૧૬ | જીરૂ | ૨૫૦૦ | ૪૬૦૦ |
| ૧૭ | ધાણા | ૧૦૦૦ | ૧૪૩૫ |
| ૧૮ | મેથી | ૯૦૦ | ૧૧૧૨ |
| ૧૯ | સોયાબીન | ૬૦૦ | ૮૭૪ |
| ૨૦ | રજકાનુ બી | ૩૯૦૦ | ૫૧૦૦ |
| ૨૧ | મરચા લાંબા | ૭૫૦ | ૧૦૦૦ |
| ૨૨ | કાંગ | ૬૮૦ | ૬૮૦ |

પાના ૮ ઉપરનું ચાલું **લીલીયામોટા-ભેંસવડી વચ્ચેના રેલ્વે ટ્રેક ઉપર**

વચ્ચેના લીલીયા ફાટક નંબર ૪૧ સી અને ૪૨ સી વચ્ચે રેલ્વે ટ્રેક ઉપર એક ગુડઝ ટ્રેન પસાર થતી હતી. ત્યારે આ ગુડઝ ટ્રેન હડફેટે ત્રણ ગાય આવી જતાં ત્રણેય ગાયોના મોત નિપજતા ભારે અરેરાટી ફેલાય જવા પામી છે. જયારે ગૌપ્રેમી લોકોમાં ભારે રોષ ફેલાયો હોય લોકોના ટોળા બનાવ સ્થળે એકઠા થઈ ગયા હતા.

જો કે બનાવમાં રેલ્વે પોલીસે આ ગાયના માલિક અંગે તપાસ હાથ ધરી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીમાં રખડતા પશુઓ**

સમ્પ પણ મશીનરીની કામગીરી ગોકળ ગાયની ગતિએ કામ શરૂ હોવાથી તેનો નિયમિત પાણી વિતરણમાં ઉપયોગ થતો નથી તો શહેરમાં એકાદ વર્ષથી એક હજાર જેટલી બંધ સ્ટ્રીટલાઈટ પણ શરૂ કરવામાં આવતી નથી.

પાલિકામાં ભાજપની તોતીંગ બહુમતી હોવા છતાં સત્તા પક્ષનાં નગરસેવકો મલાઈ મેળવવા અને ન મળતાં અંદરો અંદરની લડાઈમાં વ્યસ્ત જોવા મળે છે અને ભાજપ અગ્રણી ડો. કાનાબારે પણ નગરસેવકોને મળતી મલાઈ સામે નારાજગી વ્યકત કરી હતી તે બાબત જગજાહેર છે.

અમરેલી પાલિકામાં અપુરતા કર્મચારીઓ, પેધી ગયેલ કર્મચારીઓનાં કારણે શહેરમાં સુવિધા આપવાનું કાર્ય થતું નથી. ધારાસભ્ય અને સાંસદે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરીને પાલિકામાં કાયમી કર્મચારીઓની નિમણૂંક કરાવવી જોઈએ, આઉટસોર્સ ફિકસ પગાર મેળવતાં કર્મચારીઓ ઉપર લગામ રાખીને નિવૃત્ત થયેલ કર્મચારીને અપાયેલ નિમણૂંક રદ કરાવીને તેમજ ચીફ ઓફિસર તરીકે કોઈ નિષ્ઠાવાન અધિકારીની નિમણૂંક કરાવવી જોઈએ તેવી માંગ જનતા કરી રહી છે.

## અવસાન નોંધ

**અમરેલી :** ઈશ્વરીયા (મહાદેવ) નિવાસી ઔદિચ્ય ગુજરાતી સાડા ચારસો બ્રાહ્મણ બકુલભાઈ પ્રતાપરાય ભટ્ટ (ઉ.વ. ૬૮) (નિવૃત્ત એસ.ટી. કર્મચારી) તે અ.નિ. રમણીકલાલ એસ. જોષી લીલીયાવાળાના જમાઈ, ગૌતમભાઈના પિતાશ્રી તેમજ પારૂલબેન (સુરત), નટુભાઈ એમ. ભટ્ટ, ઘનશ્યામભાઈ ભટ્ટ, હર્ષદભાઈ ભટ્ટ, નટુભાઈ જે. ભટ્ટ (મુંબઈ)ના ભાઈ, ગીરીષભાઈ, રાજુભાઈ, ધવનભાઈ જોષીનાં બનેવી તા. ૭/૧૧/૨૪, ગુરૂવારનાં રોજ કૈલાસવાસી થયા છે. તેમનું બેસણું તા. ૧૧/૧૧/૨૪ સોમવારનાં રોજ તેમના ઈશ્વરીયા ખાતે નિવાસ સ્થાને રાખેલ છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૬૩૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૬૫ | ૬૩૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૨૯ |
| ૪ | અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૫ | સોયાબીન | ૫૦૦ | ૭૯૦ |
| ૬ | ધાણા | ૧૧૪૨ | ૧૨૦૭ |
| ૭ | મગફળી | ૭૨૫ | ૯૪૦ |
| ૮ | મેથી | ૯૨૫ | ૯૨૫ |
| ૯ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૯૦ |
| ૧૦ | ચણા | ૧૦૭૨ | ૧૩૨૦ |
| ૧૧ | જીરૂ | ૪૪૭૫ | ૪૪૭૫ |
| ૧૨ | જુવાર | ૭૩૦ | ૭૩૦ |
| ૧૩ | શીંગદાણા | ૧૦૨૫ | ૧૦૨૫ |

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીમાં પૂ. જલારામબાપાની જન્મજયંતીની**

કૌશિક વેકરિયા, મુકેશ સંઘાણી સહિતનાં આગેવાનો ધ્વારા શોભાયાત્રાનું સ્વાગત કરીને પૂ. જલારામબાપાની ચરણ વંદના કરી હતી. પૂ. જલારામબાપાની શોભાયાત્રનું દરેક સમાજનાં આગેવાનો ધ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

બાદમાં જલારામ મંદિરે મહા આરતી અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો બહોળી સંખ્યામાં ભકતજનોએ લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

અમરેલી ઉપરાંત સાવરકુંડલા, રાજુલા, ખાંભા, ધારી, ચલાલા, લીલીયા, કુંકાવાવ, વડિયા, બાબરા, દામનગર સહિતનાં ગામોમાં પણ પૂ. જલારામબાપાની ૨૨૫ મી જન્મજયંતીની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું **ધારીનાં માણાવાવ ગામનાં**

વાળા તથા તેના દિકરા નજુભાઈ પાસે અવાર-નવાર પરત માંગતા તે જ ગામે રહેતા આરોપીઓ હરેશભાઈ જેતુભાઈ વાળા, નજુભાઈ રામકુભાઈ વાળા, રાજદિપભાઈ ઉર્ફે લાલો દિલુભાઈ ધાખડા, રામકુભાઈ ચાંપરાજભાઈ વાળા તથા રાજેન્દ્રભાઈ ઉર્ફે કાળુભાઈ દિલુભાઈ ધાખડાને સારૂ નહી લાગતા તે વાતનો ખાર રાખી વૃધ્ધ ખેડૂત ઉપર તલવારનો એક ઘા મારી માથા ઉપર કપાળના તથા તલવારનો એક ઘા જમણા હાથના બાવડા ઉપર મારી તથા તલવારનો એક ઘા ડાબી આંખના નેણ ઉપર મારી ગંભીર ઈજા કરેલ હતી. ત્રણે આરોપીઓએ હથિયારોથી ગંભીર સ્વૈચ્છા મહાવ્યથા કરી ઈજાઓ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૬૦૦ |
| ૨ | મગફળી | ૭૪૨ | ૧૦૨૧ |
| ૩ | ઘઉં | ૫૩૭ | ૫૮૧ |
| ૪ | ચણા | ૯૪૦ | ૧૫૫૦ |
| ૫ | ધાણા | ૧૩૫૧ | ૧૩૫૧ |
| ૬ | સોયાબીન | ૭૦૫ | ૮૧૫ |
| ૭ | છોલે ચણા | ૨૩૫૦ | ૨૩૫૦ |
| ૮ | અડદ | ૯૦૦ | ૧૩૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૪૦ | ૧૨૬૨ |
| ૨ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૩૭૧ |
| ૩ | કપાસ | ૧૨૦૦ | ૧૫૪૦ |
| ૪ | બાજરો | ૫૬૧ | ૫૬૯ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૦૧ | ૬૬૭ |
| ૬ | જુવાર | ૪૭૧ | ૮૦૭ |
| ૭ | અડદ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૮ | જીરૂ | ૪૦૧૨ | ૪૦૧૨ |
| ૯ | રજકા બી | ૪૫૨૧ | ૪૫૦૧ |
| ૧૦ | સોયાબીન | ૭૯૨ | ૮૨૬ |
| ૧૧ | મેથી | ૯૦૦ | ૯૦૦ |
| ૧૨ | ધાણા | ૯૦૦ | ૯૦૦ |

## આગામી ૧૨ નવેમ્બરના રોજ રાજુલા : મહાકાળીમાના મંદિરે તુલસી વિવાહનું આયોજન કરાયુ

### સાધુ, સંતો અને મહંતો ઉપસ્થિત રહેશે



રાજુલા, તા. ૮

રાજુલા ખાતે આવેલ મહાકાળીમાં નાં મંદિરે આગામી ૧૨ નવેમ્બરના રોજ તુલસી વિવાહનું આયોજન કરવામાં આવેલ છે

કન્યાદાન કરશે કુંડલીયાળ ીનાં લાખાભાઈ પરમારનો પરિવાર અને ઠાકોરજીની જાન દીપકભાઈ ચૌહાણનો પરિવાર જાન લઈને પધારશે

આ તકે શિવરામબાપુ, કનકગીરીબાપુ સહિતના સંતો ઉપસ્થિત રહેશે આયોજકો શંભુ ભગત, અશ્વિનભાઈ તેમજ મુકેશભાઈ ભકતજનોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરેલ છે


**સંકુલ સ્કૂલ કોલેજ હોસ્ટેલ - ઓછી ફી - સારૂ શિક્ષણ**

- ★ KG થી ધો. 5 બન્ને મિડીયમ - કન્યા કુમાર મીશ્ર સ્કૂલ (સંકુલ બન્ને શીફ્ટ)
- ★ ધો. ૬ થી ૧૨ આર્ટસ કોમર્સ સાયંસ ગુ.મી.-ઈ.મી. ગર્લ્સ સ્કૂલ (સંકુલ બન્ને શીફ્ટ)
- ★ ધો. ૧ થી ૧૦ GSEB - ICSE ઈ.મી. મીશ્ર સ્કૂલ (બાયપાસ સવાર ની શીફ્ટ)
- ★ ધો. ૬ થી ૧૨ કોમર્સ સાયંસ ગુ.મી. કુમાર શાળા (બાયપાસ બપોર ની શીફ્ટ)
- ★ BA - MA - B.Com. - M.Com - B.Sc. - M.Sc. - BBA - MBA - BCA
- ★ MCA - B.Pharm - B.Ed. - PG DMLT ગર્લ્સ કોલેજ - ગર્લ્સ હોસ્ટેલ (સંકુલ)

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી -Ad 072


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૨૦ | ૧૬૩૦ |
| ૨ | કપાસ કોડી | ૧૧૨૦ | ૧૩૪૦ |
| ૩ | મગફળી | ૧૦૯૦ | ૧૨૪૦ |
| ૪ | અડદ | ૧૧૮૫ | ૧૩૫૫ |
| ૫ | જીરૂ | ૪૦૧૦ | ૪૬૦૦ |
| ૬ | સોયાબીન | ૭૭૮ | ૮૧૨ |
| ૭ | ચણા | ૧૧૨૯ | ૧૩૧૧ |
| ૯ | તલ સફેદ | ૨૦૮૦ | ૨૩૫૦ |
| ૧૦ | ઘઉં | ૫૦૮ | ૬૪૨ |
| ૧૧ | બાજરો | ૩૮૦ | ૪૦૦ |

# સાવરકુંડલા ખાતે અખંડ ભૂમંડલાચાર્ય જગદગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રાગટય પીઠ શ્રી વલ્લભ અનુગ્રહ મહોત્સવ યોજાયો



આ પ્રસંગે નંદમહોત્સવની અલભ્ય અલૈકિક ક્ષણોને માણતાં સમગ્ર વૈષ્ણવજનો સાવરકુંડલામાં શ્રી વલ્લભ અનુગ્રહ મહોત્સવનું ભવ્ય આયોજન નાવલી કાંઠે આવેલ શ્રી મહાપ્રભુજીની બેઠકજી ખાતે કરવામાં આવ્યું. આ પ્રસંગે અષ્ટોત્તરશત શ્રીમદ ભાગવતજી વચનામૃતના વકતા પ. પૂ. ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજની અસ્ખલિત વાણી દ્વારા ઉપસ્થિત તમામ વૈષ્ણવો મંત્રમુગ્ધ થઈ કથા રસપાન કરતાં જોવા મળ્યા હતા. જેમાં અંદાજિત ૪૦૦૦ થી પણ વધારે વૈષ્ણવો ભાગવત સપ્તાહનો લ્હાવો લઈને ધન્યતા અનુભવી રહયા મળ્યા હતાં જેમાં ગતરોજ નંદમહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજન તારીખ ૪/૧૧/૨૪ થી ૧૦/૧૧/૨૪ રવિવાર સુધી કરવામાં આવેલ છે. જેનો લ્હાવો લેવા મહાપ્રભુજી બેઠકજી ટ્રસ્ટ દ્વારા હાર્દિક નિમંત્રણ પણ પાઠવવામાં આવેલ છે. જેમાં નંદમહોત્સવ દર્શન એ અલભ્ય લ્હાવો લેવો એ પણ જીવનની ધન્ય અને યાદગાર પળ ગણાય. આ કથા વકતવ્ય પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત પણ વકતા પ.પૂ.ગો.૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજના સાનિધ્યમાં આશીર્વાદ સાથે કરવામાં આવેલ આ પ્રસંગે ઉપસ્થિત પત્રકાર બિપીનભાઈ પાંધી તેમજ યોગેશભાઈ ઉનડકટને પણ વકતાએ ઉપરણું અર્પણ કરી આશીર્વાદ આપ્યા હતા. રોજે રોજ ભાગવત સપ્તાહ પૂર્ણ થયે મોટી સંખ્યામાં વૈષ્ણવો મહાપ્રભુજીની બેઠકજી ખાતે મહાપ્રસાદનો લ્હાવો મેળવી રહ્યા છે. વિશાળ ગ્રાઉન્ડમાં આ ભાગવત સપ્તાહના અયોજનમાં જનમેદની ઉમટી પડી છે નંદમહોત્સવ દરમિયાન આ દિવ્ય વાતાવરણની અનુભૂતિ વૈષ્ણવજનો મનભરીને માણતાં જોવા મળ્યા હતાં. હકઠેઠઠ શ્રોતાઓ સમક્ષ પ. પૂ. ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજની વાણીનો લ્હાવો માણવો એ પણ જીવનનો અમૂલ્ય લ્હાવો જ ગણાય. અને મહાપ્રસાદ એટલે સુવર્ણમાં સુગંધ એથી વિશેષ રૂડો અવસર કયો હોય શકે? આ પ્રસંગે આ કથા વકતવ્ય દરમિયાન સોમયાજી દીક્ષિત અનંતશ્રી વિભૂષિત પ. પૂ. ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજ આહિતાગ્નિ પ. પૂ. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ તથા પ. પૂ. ગો. ૧૦૮ શ્રી અનુગ્રહકુમારજી મહોદયના ઉપસ્થિત વૈષ્ણવોને આશીર્વાદ પણ પ્રાપ્ત થતાં ધન્યતા અનુભવી રહ્યા હતાં. આ પ્રસંગને મહત્તમરીતે ઉજજવળ કરવા માટે ટ્રસ્ટી ગણ સ્વયંમસેવકો તથા દાતાઓ ખૂબ જ જહેમત ઉઠાવી રહ્યા છે.

### પ્રમુખ તરીકે સત્યજીતકુમાર ખાચરની નિમણુંકની સાથે

# ગુજરાત રાજય કાઠી ક્ષત્રિય સમાજનાં મહામંત્રી તરીકે અડતાલાનાં વતની જીતુભાઈ વાળાની વરણી

**ઉપપ્રમુખ તરીકે જયરાજભાઈ વિકમા અને સેક્રેટરી તરીકે એમ.ડી. માંજરીયા**



અમરેલી, તા. ૮

શ્રી ગુજરાત રાજય કાઠી ક્ષત્રિય સમાજ સંગઠનના અગાઉના પ્રમુખ તરીકે પ્રતાપભાઈ વરૂ, ભરતભાઈ ધાધલનુ અવસાન થતા નવા હોદેદારો તરીકે પ્રમુખ તરીકે સત્યજીતકુમા, ઉપપ્રમુખપદે જયરાજભાઈ વિકમા, સેક્રેટરી તરીકે એમ.ડી. માંજરીયા અને જનરલ સેક્રેટરી તરીકે અડતાલાનાં વતની જીતુભાઈ વાળાની વરણી કરવામાં આવી છે.

### હિન્દુત્વની દુહાઈ દેતી ભાજપ સરકારના રાજમાં મંદિરોમાં ચોરીની કુલ ૫૦૧ ઘટનાઓ

# છેલ્લા ત્રણેક વર્ષમાં ગુજરાતનાં મંદિરોમાંથી કુલ રૂા. ૪,૯૩,૭૨,૨૪૭ની રોકડ રકમ અને મુદામાલની ચોરી

**ગુજરાતના મંદિરોની સુરક્ષા માટે સ્પેશીયલ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષની માંગ**

અમદાવાદ, તા. ૮

ગુજરાતમાંચોરી, લૂંટ–ધાડના કિસ્સાઓમાં ધરખમ વધારો થયો છે ત્યારે હિન્દુત્વની દુહાઈ દેતી ભાજપ સરકારમાં મંદિરો ભગવાનો પણ સલામત ન હોવાની વિગતોસાથે ભાજપસરકારની પોલખોલતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હિરેન બેન્કરે જણાવ્યું હતું કે કરોડો ગુજરાતીઓના આસ્થાનું સ્થાન શક્તિપીઠ પાવાગઢ સહીત રાજયના અનેક ધાર્મિક સ્થાનોમાંચોરી–લુંટ–ધાડની ઘટનાઓ વધી રહી છે. રાજયમાં માત્ર રહેણાંક વ્યવસાયિક વિસ્તારોજ બેફામ પણે ચોરી લુંટ ધાડને ચોરો ટાર્ગેટ કરે છે પણ હવે તો મંદિરોમાં પણ બેફામ પણે લુંટ ચોરીની ઘટનાઓ બની રહી છે. હિન્દુત્વની દુહાઈ દેતી સરકાર મંદિર ભગવાનને પણ સલામતી આપવામાં નિષ્ફળ પુરવાર થઈ રહી છે. ગુજરાતમાં છેલ્લા ત્રણેક વર્ષમાં મંદિરોમાંથી ચોરીમાં કુલ રૂા.૪,૯૩,૭૨,૨૪૭ની રોકડ રકમ અને મુદામાલની ચોરી ભાજપ સરકારમાં થઈ છે. ગુજરાતમાં વર્ષ ૨૦–૨૧ માં ૧૫૧ મંદિરોમાં, વર્ષ ૨૧–૨૨માં ૧૭૮ મંદિરોમાં અને વર્ષ ૨૨–૨૩માં ૧૭૨ એમ કુલ મળીને ૫૦૧ ચોરીની ઘટનાઓ બની છે. હથિયાર સાથે ધાડની પણ પાંચ ઘટનાઓ બનેલ છે જે અત્યંત ચિંતાજનક બાબત છે. અને સરકારના સલામતના મોટા મોટા દાવાની પોલ છતી કરે છે. ગુજરાતના નાગરીકોના આસ્થાના પ્રતિક એવા મંદિરોમાં થઈ રહેલી લૂંટ ધાડ–ચોરીની ઘટના માત્ર મંદિરોમાં સીસીટીવી લગાવી સુરક્ષાની સાંત્વના સરકાર આપી રહી છે. ભગવાનના નામે રાજનીતિ કરતી ભાજપ માત્ર મતનું તરભાણું ભરાયની ચિંતા કરે છે? નવરાત્રીના પાવન પર્વમાં પણ બહેન–દીકરીઓ પર થતા બળાત્કાર, વ્યાજખોરો બુટલેગરો બેફામ, ખુલ્લે આમ દારૂ–ડ્રગ્સનો કાળો કારોબાર થાય છે ત્યારે ગુજરાતની સુરક્ષા ભગવાન ભરોસે છે. રાજયમાં પ્રજાની સુરક્ષા સલામતી સાથે સબ સલામતના દાવો કરતી ભાજપ સરકારના રાજમાં વાસ્તવિકતા કંઈક જુદી જ છે. ગુજરાતમાં પોલીસ કર્મીઓની મોટા પાયે ઘટ છે પોલીસ કર્મીઓની સંખ્યા રાષ્ટ્રીય સરેરાશ કરતા પણ ઓછી છે ત્યારે નાગરીકોની સુરક્ષા સલામતી માટે ચુસ્ત વ્યવસ્થાપન માટે સત્વરે ભરતી કરવામાં આવે, ગુજરાતના તમામ નાના મોટા મંદિરોની સુરક્ષા વધારવામાં આવે અને મંદિરની સુરક્ષા માટે સ્પેશીયલ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

| વર્ષ | મદિરમાં થયેલ ચોરીની વિગત |
|---|---|
| ૧.૧૦.૨૦૨૦ થી ૩૦.૦૯.૨૧ | ૧૫૧ |
| ૦૧.૧૦.૨૦૨૧ થી ૩૦.૦૯.૨૦૨૨ | ૧૭૮ |
| ૦૧.૧૦.૨૦૨૨ થી ૩૦.૦૯.૨૦૨૩ | ૧૭૨ |
| ત્રણ વર્ષમાં થયેલ કુલ ચોરી | ૫૦૧ |

| વર્ષ | મદિરમાં ચોરી થયેલ રોકડ અને મુદ્દામાલની વિગત |
|---|---|
| ૧.૧૦.૨૦૨૦ થી ૩૦.૦૯.૨૧ | ૮,૫,૪૭,૩૨૨ |
| ૦૧.૧૦.૨૦૨૧ થી ૩૦.૦૯.૨૦૨૨ | ૧,૯૦,૭૭,૩૦૫ |
| ૦૧.૧૦.૨૦૨૨ થી ૩૦.૦૯.૨૦૨૩ | ૨,૧૭,૪૭,૬૨૦ |
| કુલ ચોરીની કિંમત | ૪,૯૩,૭૨,૨૪૭ |

### રાજયમાં ગરમ તાપમાનને ધ્યાને લઈ

# રવી પાકોનાં વાવેતર માટે અગમચેતીના વિશેષ પગલાઓ અનુસરવા

અમરેલી, તા. ૮

ગ્લોબલ વોર્મિંગનાં પરિણામે વાતાવરણમાં અનેક બદલાવ જોવા મળી રહ્યા છે. રાજયના ખેડૂતો અને તેમનો પાક ગ્લોબલ વોર્મિંગ અને બદલાતા વાતાવરણનો ભોગ ન બને તે માટે આ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. દિવાળી પછી શરૂ થતી રવી ઋતુમાં ખેડૂતોએ રવી પાકોના વાવેતરની શરૂઆત કરી છે. ચણા, રાઈ, લસણ, જીરૂ, ઘઉં, ધાણા, ડુંગળી અને મેથી પાકને ઉચ્ચ ગુણવત્તા ધરાવતો ધરૂ અગાઉથી જ મેળવી લેવો. રવી પાકના બીજને સ્ફુરણ માટે ગરમ તાપમાન અનુકુળ ન હોવાથી દિવસના વધારે તાપમાન અથવા ગરમ તાપમાનના સમય ગાળા દરમિયાન રવી પાકોનું વાવેતર ટાળવું હિતાવહ છે. રવી પાકોની વાવેતર અવસ્થામાં ઉગાવા પર અસર ના થાય તે માટે વધારે તાપમાનની અસર ના થાય, આથી વધારે તાપમાનની અસર સામે પાકોને સાંજના સમયે વારંવાર હળવું પિયત (શકય હોય તો ફુવારા અથવા ડ્રીપથી) આપવું જોઈએ. આ અગમચેતીના પગલા અનુસરી ખેડૂતો સારી પાક માવજત કરી શકશે. ભારત સરકારની મેઘદૂત મોબાઈલ એપ્લિકેશનના માધ્યમથી રાજયભરના અને જિલ્લાના ખેડૂતો કૃષિ હવામાન માર્ગદર્શક સેવાઓ અને હવામાન વિભાગની ખેડૂતો માટેની આગાહી સરળતાથી જાણી શકશે. સ્થાનિક ભાષામાં પણ આ વિગતો મેળવી શકશે. https://play.google.com/store/apps/details?id=com.aas.meghdoot&pcmpaignid=web_shar મેઘદૂત એપ્લિકેશન આ લીંક પર કલીક કરીને ડાઉનલોડ કરવી તેમ અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

# 'ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર' માટે સ્વૈચ્છિક સંસ્થા અને સામાજિક કાર્યકરોએ તા.૩૦ નવેમ્બર સુધીમાં અરજી કરવી

અમરેલી, તા. ૮

રાજયમાં મહિલા વિકાસને લગતી શ્રેષ્ઠ કામગીરી કરતી એક સ્વૈચ્છિક સંસ્થાને અને એક શ્રેષ્ઠ સામાજિક કાર્યકરને વર્ષ ૨૦૨૪–૨૫ માટે 'ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર' એનાયત કરવામાં આવશે. આ પુરસ્કાર માટે જે–તે જિલ્લા ખાતેના મહિલા અને બાળ અધિકારી મારફતે નિયત નમૂનામાં શરતોને આધિન અરજીઓ મંગાવવામાં આવી છે.

ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર ઈચ્છુક સ્વૈચ્છિક સંસ્થા તેમજ સામાજિક કાર્યકર જે ઓછામાં ઓછા છેલ્લા ૧૦ વર્ષથી ગુજરાત રાજયમાં મહિલા કલ્યાણ ક્ષેત્રે મહિલાઓના સામાજીક–આર્થિક સશક્તિકરણને લગતી પ્રવૃત્તિ કરતી હોય તેવી સ્વૈચ્છિક સંસ્થા તેમજ તેવાં મહિલા સામાજિક કાર્યકર પુરસ્કાર મેળવવા માટે જરૂરી આધાર પુરાવા સાથે અરજી કરી શકશે.

કોઈપણ સરકારી અથવા તો અર્ધ સરકારી અને ૧૦૦ ટકા સરકારી અનુદાનથી ચાલતી સંસ્થા આ પુરસ્કાર માટે અરજી કરી શકશે નહિ.

ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર મેળવવા અંગેનું અરજી પત્રક મહિલા અને બાળ વિકાસ વિભાગની વેબસાઈટ www.wcd.gujarat.gov.in ઉપરથી ડાઉનલોડ કરી શકશે. તેમજ જે તે જિલ્લા ખાતે જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી ખાતે મળી શકશે.

ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર સ્વૈચ્છીક સંસ્થા અને સામાજિક કાર્યકરને એક જ વખત મળવાપાત્ર છે. પુરસ્કાર માટે પસંદગી, પદ્ધતિ, શરતોમાં ફેરફાર કરવાની સંપૂર્ણ સતા રાજય સરકારની રહેશે. પુરસ્કાર આપવા અંગે રાજય સરકારનો નિર્ણય આખરી રહેશે.

આ નિયત અરજી પત્રકમાં દર્શાવેલ વિગતો કાળજીપૂર્વક વાંચીને નિયત શરતો મુજબ જરૂરી આધાર પુરાવા સહિત અરજી જાહેરાત પ્રસિદ્ધ થયાથી તા.૩૦.૧૧.૨૪ સુધીમાં સંબંધકર્તા સ્વૈચ્છીક સંસ્થા અને સામાજિક કાર્યકરએ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી અમરેલીમાં મળે તે રીતે ફરજીયાત આર.પી.એ.ડી થી મોકલી આપવાની રહેશે તેમ અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

# શેડુભાર : સકસેસ સ્ટોરી પ્રા.આ. કેન્દ્ર



અમરેલી, તા. ૩૦

તારીખ ૨૧/૧૦/૨૪ના રોજ સવારે ૯/૧૦ કલાકે પ્રા.આ.કેન્દ્ર શેડુંભારનાં ફી.હે.વ. કૈલાશબેન દાફડાને સગર્ભા માતા રિન્કુબેન કીમતભાઈ મેડાનો ફોન આવેલ હતો આ સગર્ભા માતા હજુ તારીખ ૧૮/૧૦/૨૪ના રોજ સાંજે ડભોઈ ખાતેથી આવેલ હતા અને આ મેસેજ કૈલાસબેનને મળતા આ સગર્ભા માતાના સતત સંપર્કમાં રહેલ હતા અને જયારે સગર્ભા માતાને લેબર પેઈન શરૂ થતા તુરંત જ આ ફી હે વ મારફત આ સગર્ભાને પ્રા.આ.કેન્દ્ર શેડુંભાર ખાતે સવારે ૯/૨૦ કલાકે બોલાવી અને દાખલ કરેલ અને પ્રા.આ.કેન્દ્ર શેડુંભારના ફી.હે.વ. મારફત તાત્કાલિક નાના માચીયાળાનાં સી.એચ.ઓ., તેમજ ફી.હે.સૂપ.જસુબેન બલદાણીયા, આશીયાનાબેન બોલાવી અને આ સગર્ભા માતાને ડીલીવરી કરાવવા માટેની તૈયારીઓ શરૂ કરેલ ઉપરાંત ડીલીવરી પહેલાની તમામ લેબોરેટરી અને બી.પી.તેમજ અન્ય તપાસ કરવામાં આવેલ હતી. તપાસ કરતા સગર્ભા માતાનું બી.પીનું દબાણ ૧૭૫/૯૦ આવેલ હતું. જેથી દર અઢી અડકી કલાકે બી.પી.ની તપાસ કરવામાં આવેલ અને આ માતાને બી.પી. કંટ્રોલ કરવા માટેની પણ સારવાર આપવામાં આવેલ હતી તેમજ આ સગર્ભા માતાને પગમાં સોજા પણ હતા. ત્યારબાદ સગર્ભા માતાને ઉપકરોત તકલીફ જણાતા તેઓને ડીલીવરી સફળતા પૂર્વક અને બાળકને તથા માતાને કોઈ તકલીફ નાં થાય તે માટે સ્ટાફ દ્વારા સિવિલ હોસ્પિટલ અમરેલી ખાતે ડીલીવરી કરવા માટે વારંવાર સમજાવેલ હતા પરંતુ તેઓ ત્યાં જવા માટે સહમત થયેલ ન હતાં ત્યારબાદ પ્રા.આ.કેન્દ્ર શેડુંભારના સ્ટાફ મારફત ખુબ જ હિમત અને કાળજી રાખી માતા અને બાળકને કોઈ જ તકલીફ કે નુકસાન ના થાય તેની કાળજી રાખી અને સફળતા પૂર્વક શેડુંભાર ખાતે ૧૦/૫૩ કલાકે ડીલીવરી કરાવેલ. અને એક તંદુરસ્ત બાળકીનો જન્મ કરાવેલ આ બેબી ચાઈલ્ડનો વજન પણ ખુબ જ સરસ ૩/૨૦૦ ગ્રામ હોય ડીલીવરી બાદ બાળકીને તુરંત રસીકરણ કરવામાં આવેલ હતું અને આ માતાનું પણ સતત મોનીટરીંગ ચાલુ રાખવામાં આવેલ અને દાખલ રાખવામાં આવેલ. હજુ પણ માતાનુ બી.પી. વધારે આવતું હોય જેથી આ સમય દરમ્યાન તાલુકા હેલ્થ ઓફિસર પણખ આવી જતા જેમને પણ આ માતાને જરૂરી ચેક અપ અને ડીલીવરી બાદ તમામ સારવાર આપ્યા બાદ આ માતાને સિવિલ હોસ્પિટલ ખાતે રીફર જર્વાનું જણાવેલ. તાલુકા હેઠ ઓફિસર માર્ગદર્શન નીચે આ માતાને તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત સિવિલ હોસ્પિટલ અમરેલી ખાતે શેડુંભાર ગામના હેલ્થ વર્કર રોનીતભાઈ ધરજીયા અને આશાબેન નયનાબેન ગોસાઈ તેમજ હર્શાલભાઈ હડિયા પણ આ દર્દીની સાથે સિવિલ હોસ્પિટલ અમરેલી ખાતે સાથે ગયેલ અને સાથે રહીને દાખલ કરાવેલ અને ત્યારબાદ આ માતાને તારીખ ૨૩/૧૦/૨૪ના રોજ રજા આપી ત્યાં સુધી રોજે રોજ શેડુંભારના ફી.હે.વ. મારફત પણ ટેલીફોન થી મોનીટરીંગ કરેલ હતું. આમ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર શેડુંભારના સ્ટાફ મારફતે એક એક અતિ જોખમી સગર્ભા જેની ડીલીવરી પ્રા.આ.કેન્દ્ર ખાતે શકય નાં હોય છતાંપણ સગર્ભા માતાની જીદ સામે જુકીને હિંમત રાખીને અને પોતાની કાર્યક્ષમતા પણ સંપૂર્ણ વિશ્વાસ રાખીને તે સગર્ભા માતાની સફળતા પૂર્વક ડીલીવરી અને સારવાર કરેલ.

### ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટસ બેંકનું DoPPW સાથે

# ગ્રામીણ વિસ્તારમાં રહેતા વરિષ્ઠ નાગરિક પેન્શનરોને ઘર આંગણે અને નજીકમાં ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ સુવિધા સરળતાથી ઉપલબ્ધ

**પોસ્ટ ઓફિસમાં રૂ. ૭૦ ભરી હયાતીનું પ્રમાણપત્ર ઘરબેઠાં મેળવી શકશે**

અમરેલી, તા. ૮

પેન્શન ધારકોને જીવન પ્રમાણપત્ર એટલે કે હયાતીનું પ્રમાણપત્ર દર વર્ષે નવેમ્બર અને ડિસેમ્બર માસ દરમિયાન આપવામાં આવે છે.

પોસ્ટ વિભાગ દ્વારા પોસ્ટમેન–ગ્રામીણ ડાક સેવક દ્વારા આ ડિજિટલ લાઈફ સર્ટિફિકેટની સુવિધા ઘરબેઠા આપવામાં આવશે જેથી વયોવૃદ્ધ પેન્શન ધારકોએ આ કામગીરી માટે તિજોરી કચેરી કે અન્ય વિભાગ સુધી જવાની આવશ્યકતા રહેશે નહિ.

ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ ૩.૦ ઝૂંબેશ અંતર્ગત ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટસ બેંકે પેન્શન વિભાગ અને પેન્શનર્સ વેલફેર વિભાગ DoPPW સાથે જોડાણ કર્યુછે. રાષ્ટ્રવ્યાપી ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ (DLC) અભિયાન ૩.૦ અંતર્ગત તા.૦૧ નવેમ્બર, ૨૪ થી તા.૩૦ નવેમ્બર, ૨૪ સુધી ૮૦૦ શહેરો અને નગરોને આવરી લેવામાં આવશે.

આ પહેલનો ઉદ્દેશ્ય ફેસ ઓથેન્ટિફિકેશન, ટેકનોલોજી અને ફિંગરપ્રિન્ટ બાયોમેટ્રિકની ડિજિટલ પ્રક્રિયાને પ્રોત્સાહન આપવાનો છે. આ ઝૂંબેશ હેઠળ પેન્શનરોને તેમજ દૂરના વિસ્તારોના તમામ પેન્શનરોને લક્ષ્યમાં રાખી ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ પ્રક્રિયા થકી ઘર આંગણે અથવા ઘરથી નજીક સગવડ મળી રહેશે.

ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ ૩.૦ ઝૂંબેશ અંતર્ગત જીવન પ્રમાણ પત્ર (DLC) ખૂબ સરળતાથી જમા કરાવી શકશે, જેનો લાભ ગ્રામીણ વિસ્તારમાં રહેતા વરિષ્ઠ પેન્શનરોને તેમના ઘર આંગણે અથવા ઘરની નજીક મળી રહેશે.

અમરેલી ડાકઘરના ઈન્ચાર્જ અધિક્ષક શ્રી ડી.એસ. તપસ્વીએ આ પહેલ વિશે વિગતો આપતા એક યાદીમાં જણાવ્યું છે કે, પોસ્ટ ઓફિસ, પેન્શરોને ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ (DLC) સેવા પ્રદાન કરવા માટે પોસ્ટસ અને ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક (IPPB) પોસ્ટમેન અને ગ્રામીણ ડાક સેવકના વિશાળ નેટવર્કનો લાભ લઈને ડોરસ્ટેપ–ડીએલસી કેમ્પ કરવામાં આવશે.

આ ઝૂંબેશને પેન્શનર્સ વેલફેર એસોસિએશન, UDAI સહિત વિવિધ હિતધારકો દ્વારા ટેકો આપવામાં આવશે. આ ઝૂંબેશ પેન્શનરોને પેન્શનર પરંપપરાગત કાગળ આધારિત પ્રમાણપત્રો સબમિટ કરવામાંથી મુક્તિ અપાવે છે અને ડિજિટલ પ્રક્રિયા દ્વારા DLC જમા કરાવવાની જરૂરી પધ્ધતિઓને સરળ બનાવે છે.

પેન્શનરોએ નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમેન–ગ્રામીણ ડાક સેવકનો સંપર્ક કરવાનો છે. DLC જનરેશન માટે પેન્શનરે આપેલા સરનામે જઈને GST સહિત રૂ.૭૦ની ટ્રાન્ઝેકશન ફી મેળવી પોસ્ટમેન– ગ્રામીણ ડાક સેવા દ્વારા ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ જનરેટ કરી આપવામાં આવશે. આ સુવિધા માટે પેન્શનરોએ જરૂરી આધાર, મોબાઈલ, બેંક ખાતા, પીપીઓ સહિતના નંબરની વિગત પૂરી પાડવી. આ પ્રમાણપત્રની ડિજિટલ પ્રક્રિયા પૂર્ણ થવા પર પેન્શનરના મોબાઈલ નંબર પર એસ.એમ.એસ. પ્રાપ્ત થશે. પ્રક્રિયા પૂર્ણ થવાના એક દિવસ પછી https.//jee vanpraman.gov.in/ppoiser/logon પર જોઈ શકાશે, તેમ અમરેલી ડાક ઘર અધિક્ષકએ એક યાદીમાં જણાવ્યું છે.

### ચણાની ખેતી માટે તેનો વાવેતર સમય, અંતર અને ચણાની વિવિધ જાતમાંથી પસંદગી મહત્વની

# ગુજરાત ચણા–૧ અને ૨, જુનાગઢ ચણા ૩ અને જેજી ૧૬ જાતનું વાવેતર તા.૧૫ નવેમ્બર સુધીમાં કરવું જોઈએ

**મોટા દાણાવાળી ગુજરાત ચણા–૨ જાતને ૪૫ સે.મીના અંતરે ૮૦ થી ૧૦૦ કિલોગ્રામ પ્રતિ હેકટરે બીજનો દર રાખી વાવેતર કરવું**

અમરેલી, તા. ૦૮

કુદરતે કૃષિ સંસ્કૃતિમાં એક સંકલિત શૃંખલા અને ઈકો સિસ્ટમની રચના કરી છે. આ કુદરતી વ્યવસ્થા એટલે પ્રાકૃતિક કૃષિ. પ્રાકૃતિક કૃષિમાં કૃત્રિમ ખાતર અને કૃત્રિમ જંતુનાશકોનો ઉપયોગ કરવામાં આવતો નથી. પ્રાકૃતિક કૃષિ એ ગૌ આધારિત કૃષિ છે. ખેડૂતો પણ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવી રહ્યા છે.

શિયાળાની ઋતુ શરૂ થવામાં છે. ચોમાસુ પાકનો સમય હવે લગભગ પૂર્ણ થયો ગણી શકાય. ખેડૂતો પોતાની ખેતી લાયક જમીનમાં એક પાકનું ઉત્પાદન લઈને ફરીથી બીજા પાક માટે જમીનને તૈયાર કરે છે. અનેક ખેડૂતો શિયાળુ પાક તરીકે ચણાની ખેતી કરે છે.

ખેડૂતો માટે ચણાની ખેતી માટે તેનો વાવેતર સમય, અંતર અને ચણાની વિવિધ જાતમાંથી પસંદગી મહત્વની બની રહે છે. ખેડૂતોએ શિયાળુ ઋતુ માટે ગુજરાત ચણા ૧ અને ૨, જુનાગઢ ચણા ૩ અને જેજી ૧૬ જાતનું વાવેતર તા.૧૫ નવેમ્બર સુધીમાં કરવું જોઈએ. મોટા દાણાવાળી ગુજરાત ચણા–૨ જાતને ૪૫ સે.મીના અંતરે ૮૦ થી ૧૦૦ કિલોગ્રામ પ્રતિ હેકટરે બીજનો દર રાખી વાવેતર કરવું.

ચણાનો પાક, બીજ સંસ્કરણ અને ઘન જીવામૃત


સારા ઉગાવા, રોગ–જીવાત સામે રક્ષણ મેળવવા અને સારૂ ઉત્પાદન મેળવવા ચણાના બીજને બીજામૃતથી સંસ્કારિત કરવા જરૂરી છે. બીજામૃતનો પટ આપી બીજને છાંયડામાં સૂકવી વાવેતર કરવું. બીજામૃતની માવજતથી ઉગાવો ઝડપથી અને સારો થાય છે ઉપરાંત પાકને જમીન જન્ય રોગોથી બચાવી શકાય. વાવેતર સમયે ૧૦૦ કિલો છાણિયું ખાતર અને ૧૦૦ કિલો ઘન જીવામૃત ભેળવીને ૧ એકર જમીનમાં નાખો. પાક અવશેષોનું મલ્ચીંગ કરવું, ત્યારબાદ મહિનામાં એકવાર જમીન ઉપર ૨૦૦ લિટર જીવામૃત પ્રતિ એકર છાંટો અથવા જીવામૃત પાક ઉપર છાંટો.

રાસાયણિક ખેતીમાંથી પ્રાકૃતિક ખેતીમાં આવીએ ત્યારે પ્રથમ વર્ષમાં જમીનને જીવેત બનાવવાનો પ્રયત્ન કરવો જરૂરી છે. પાક લીધા પહેલા લીલા ખાતરના રૂપમાં શણ કે ઈક્કડ કે કઠોળનો પાક લેવો. યોગ્ય સમય પર જીવામૃત પાકને આપતાં રહો તે જરૂરી છે. જીવામૃતનો જમીનમાં ઉપયોગ

વાવેતર બાદ એક એકર જમીનમાં ૨૦૦ લિટર જીવામૃત પાણી સાથે આપવું. ત્યારબાદ મહિનામાં બે વાર ૨૦૦ લિટર જીવામૃત પ્રતિ એકર પ્રમાણે જમીનમાં આપવું અથવા પિયતના પાણી સાથે આપવું. જીવામૃતનો પાક ઉપર છંટકાવ સમયાંતરે કરવો જરૂરી છે. પ્રથમ છંટકાવ–વાવેતરના એક મહિના પછી ૫ લિટર જીવામૃતને ૧૦૦ લિટર પાણી સાથે છંટકાવ કરવો, બીજો છંટકાવ– પહેલા છંટકાવના ૨૧ દિવસ પછી ૭.૫ લિટર જીવામૃતને ૧૨૦ લિટર પાણી સાથે છંટકાવ કરવો, ત્રીજો છંટકાવ બીજા છંટકાવના ૨૧ દિવસ પછી ૧૦ લિટર જીવામૃતને ૧૫૦ લિટર પાણી સાથે છંટકાવ કરવો, ચોથો છંડકાવ– ત્રીજા છંટકાવના ૨૧ દિવસ પછી ૦૩ લિટર ખાટી છાશમાં ૧૦૦ લિટર પાણી સાથે છંટકાવ કરવો. ઉપરાંત રોગ જીવાત નિયંત્રણ માટે ચોક્કસ માત્રા મુજબ નિમાસ્ત્ર, લીમડાનું તેલ, બ્રહ્માસ્ત્ર, અગ્નિ અસ્ત્રનો છંટકાવ કરવો. રાજયને આગામી વર્ષોમાં ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી યુકત બનાવવા માટે રાજપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં માર્ગદર્શન હેઠળ રાજયભરમાં પ્રાકૃતિક કૃષિ અન્વયે મિશન મોડમાં પ્રયાસો શરૂ છે. પ્રગતિશીલ ખેતી કરતાં ખેડૂતો દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ અને તેની વિવિધ પદ્ધતિઓ વિશે માર્ગદર્શન આપવામાં આવે છે.

# સાવરકુંડલા સ્થિત શિવ દરબાર આશ્રમ ખાતે મુલાકાત કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ







રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અમરેલી જિલ્લાની મુલાકાતે પધાર્યા છે. મુખ્યમંત્રીએ સાવરકુંડલા પંથકમાં ગૌ સેવા માટે વિખ્યાત સ્થાન એવાં શિવ દરબાર આશ્રમની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પૂજય ઉષા મૈયાને વંદન કરી તેમના આશિર્વાદ પ્રાપ્ત કર્યા હતા. સાવરકુંડલાના કાનાતળાવ મુકામે શિવ દરબાર આશ્રમ ગૌ સેવા ટ્રસ્ટ દ્વારા સંચાલિત ગૌ શાળા આવેલ છે જયાં એક જ ગૌ વંશની ૩૦૦ થી વધુ ગાયોની સેવા કરવામાં આવે છે. શિવ દરબાર આશ્રમ અને ગૌ સેવા ટ્રસ્ટ દ્વારા વિવિધ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. ગૌશાળા ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગૌમાતાને ગોળ ખવડાવી ટ્રસ્ટની ગૌ સેવાલક્ષી પ્રવૃત્તિઓને બિરદાવી હતી. મુખ્યમંત્રીએ પૂ.ઉષા મૈયા સાથે ગૌ સેવાલક્ષી પ્રવૃત્તિ અને આશ્રમની વિવિધ પ્રવૃત્તિઓ સહિતની બાબત વિષયક સંવાદ સાધ્યો હતો. શિવ દરબાર આશ્રમ કાનાતળાવ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની મુલાકાત વેળાએ અમરેલી સાંસદ ભરતભાઈ સુતરિયા, વિધાનસભા નાયબ મુખ્ય દંડક અને અમરેલી – વડીયા ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા, અમદાવાદ ઠક્કર બાપા નગર ધારાસભ્ય કંચનબેન રાદડિયા, અમરેલી જિલ્લાના ધારાસભ્ય સર્વ મહેશભાઈ કસવાલા, હિરાભાઈ સોલંકી, જે.વી.કાકડીયા, જનકભાઈ તળાવિયા, જિલ્લા કલેકટર અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, શિવ દરબાર આશ્રમ ગૌ સેવા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ, અધિકારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

## પાલિકાનાં શાસકો અંદરોઅંદરની લડાઈમાં વ્યસ્ત હોવાથી

# અમરેલીમાં રખડતા પશુઓ અને દબાણનું દુષણ

**સૌરાષ્ટ્રનાં પાટનગર રાજકોટમાંથી રખડતા પશુઓની સમસ્યા નેસ્તનાબુદ થઈ હોય અમરેલીમાં અનુકરણ જરૂરી**

**શહેરની દોઢ લાખ જનસંખ્યાને નિયમિત પાણી, સ્ટ્રીટલાઈટની પણ સુવિધા મળતી નથી**

**કદાવર રાજકીય આગેવાનો શહેરીજનોને પ્રાથમિક સુવિધા આપવામાં પણ નિષ્ફળ**

**ધારાસભ્ય અને સાંસદે પાલિકાનાં શાસકોને માર્ગદર્શન આપવું જરૂરી**



અમરેલી, તા. ૮

અમરેલીનાં દોઢ લાખ શહેરીજનોમાં ધીરજશકિત હોવાનો ભરપૂર ફાયદો પાલિકાનાં શાસકો લઈ રહ્યા છે. કારણ કે શહેરમાં રખડતા પશુઓ, અનિયમિત પાણીવિતરણ, બંધ સ્ટ્રીટલાઈટ, જાહેર માર્ગો અને ફૂટપાથ પર વ્યાપક દબાણ, માર્ગોમાં ગાબડા, નિયમ વિરૂધ્ધનાં સ્પીડબ્રેકર સહિતની સમસ્યાઓ વિકરાળ બની ચુકી છે.

સૌરાષ્ટ્રનાં પાટનગર ગણાતા મહાનગર રાજકોટમાં મહાનગરપાલિકાનાં શાસકોની આવડતથી શહેરમાં રખડતા પશુઓની સમસ્યા ભૂતકાળ બની ચુકી હોય તો અમરેલી પાલિકાનાં શાસકોએ તેનું અનુકરણ કરવું જોઈએ અને જરૂર પડે મદદ લઈને પણ અમરેલીમાંથી રખડતા પશુઓની સમસ્યા દૂર કરવી જોઈએ.

તદુઉપરાંત શહેરમાં ખાદી ભવન, ગાંધીબાગની નજીક અને સામે, માણેકપરામાં આસ્થા હોસ્પિટલ સામે, પોસ્ટ ઓફિસ પાછળનો માર્ગ, અતિથિગૃહની દીવાલ, લાયબ્રેરી ચોક સહિતનાં વિસ્તારોમાં ટ્રાફિકને અડચણરૂપ બને તે રીતે રેંકડીઓ અને કેબિનોનો જમેલો હોય પાલિકાનાં શાસકો દબાણ દૂર કરતા નથી.

તદુઉપરાંત હિરકબાગમાં બનીને તૈયાર થયેલ પાણીનો ટાંકો અને

અનુસંધાન પાના ૬ ઉપર

---

## રેલ્વે વિભાગ માટે શરમજનક ઘટના બની

# લીલીયામોટા–ભેંસવડી વચ્ચેના રેલ્વે ટ્રેક ઉપર ગુડઝ ટ્રેન હડફેટે 3 ગાયોનાં કમકમાટીભર્યા મોત

**ગૌપ્રેમીઓમાં નારાજગીનો માહોલ ઉભો થયો**

અમરેલી, તા. ૮

લીલીયા–ભેંસવડી વચ્ચેના રેલ્વે ટ્રેક ઉપર ગુડઝ ટ્રેન હડફેટે ૩ ગાયો કપાઈ જતાં ભારે અરેરાટી ફેલાય જવા પામી છે. જયારે ગૌપ્રેમી લોકોમાં ભારે રોષ ફેલાયો હોય લોકોનાં ટોળા બનાવ સ્થળે એકઠા થઈ ગયા હતા.

આ બનાવમાં સુત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજુલા તાલુકાના પિપાવાવ પોર્ટથી ધોળા તરફ જતી એક ગુડઝ ટ્રેન અમરેલી જિલ્લાનાં લીલીયા નજીક લીલીયા–ભેંસવડી

અનુસંધાન પાના ૬ ઉપર



---

## ૨ મહિના પહેલા થયેલ માથાકૂટનાં લીધે

# બાબરાનાં મોટા દેવળીયા ગામે યુવકનાં પગમાં લોખંડની કુહાડી વડે હુમલો

**યુવકનાં પત્ની ઉપર પણ પાઈપ વડે હુમલો**

અમરેલી, તા. ૮

બાબરા તાલુકાના મોટા દેવળીયા ગામે રહેતા કિશોરભાઈ ઉર્ફે રાજુભાઈ સુરાભાઈ વાઘેલા નામનાં ૩૦ વર્ષિય યુવકે આજથી બે મહિના પહેલા

અનુસંધાન પાના ૬ ઉપર

---


**૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ**

**69,400/-**
(૧૦ ગ્રામ)

**રહેલ તા. ૦૮/૧૧/૨૦૨૪ ના રોજ**

હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166

**બાલમુકુંદ** જવેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



NCT

**NETRA CHIKITSA AYURVED COLLEGE**

CHITTAL ROAD, AMRELI, GUJARAT 365601

**REQUIREMENT OF TEACHIG STAFF**

Netra Chikitsa Ayurved College invites applications for the following

**TEACHING STAFF for BAMS Course**

| Subject | Assistent Prof. | Associote Prof. | Prof. |
|---|---|---|---|
| Kaya chikitsa | 1 | 1 | 1 |
| Kaumar bhritya | 2 | 1 | 0 |
| Prasuti Tantra Evum Stri roga | 1 | 1 | 0 |
| Shalya Tantra | 1 | 1 | 0 |
| Shalakya Tantra | 1 | 0 | 0 |
| Samhita Evum Siddhanta | 0 | 1 | 0 |
| Kriya Sharir | 1 | 0 | 0 |
| Agad Tantra | 1 | 1 | 0 |
| Rasa Shastra | 1 | 1 | 0 |
| Sanskrita | 1 | 0 | 0 |

1) Above menbaned post is on regular basis.
2) Educational qualification and Experience required(If) are as per the Recrutment Rules of Gujarat Ayurved University, Jamnagar.
3) Detailed adverlisement, recrutment rules and other details can be found on https://www.nctayaurvedacollege.in/ and www.ayurveduniversity.edu.in
4) In service candidate should attach no objection cerfificate of produce it at the time of interview.
5) Contact No. 99789 66629
Email : netramayu@gmail.com

Dt. 09-11-2024

Netra Chikitsa Ayurved College
Chittal Road, Amreli, Gujarat
365601

Magagement
Netra Chikitsa Trust


---

## કળિયુગનાં દિવસોમાં મદદ કરવી પણ મુશ્કેલ બની

# ધારીનાં માણાવાવ ગામનાં ખેડૂત ઉપર ઉછીનાં આપેલ નાણા માંગવા જતાં હુમલો

**સ્થાનિક પોલીસે 3 વ્યકિતઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધી**

અમરેલી, તા. ૮

ધારી તાલુકાના માણાવાવ ગામે રહેતા જીલુભાઈ દેશાભાઈ વાળા નામનાં ૬૦ વર્ષિય ખેડૂતે તેના કૌટુંબીક ભાઈ રામકુભાઈ ચાંપરાજભાઈ વાળાએ માણાવાવ ગામની સીમમાં ખેતીની જમીન વેચાતી રાખેલ ત્યારે સાડા સાત લાખ રૂપિયા હાથ ઉછીના આપેલ હતાં. તે રકમમાંથી તેમણે ખેડૂતને રૂપિયા પાંચ લાખ પરત આપેલ હતાં અને બાકી રહેતા અઢી લાખ રૂપિયા ખેડૂતે રામકુભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

---

## આહીર સમાજનાં સ્નેહમિલનમાં જતાં હોય

# રાજુલાનાં બારપટોળી ગામનાં યુવક ઉપર પ્રેમલગ્નનાં લીધે થયો હુમલો

**૭ જેટલા ઈસમો તિક્ષણ હથિયાર વડે તૂટી પડયા**

અમરેલી, તા. ૮


રાજુલા તાલુકાના બારપટોળી ગામે રહેતા મધુભાઈ ગોવિંદભાઈ કલસરીયા નામનાં ૩૦ વર્ષિય યુવકે આજથી આશરે એકાદ વર્ષ પહેલા જુની બારપટોળી ગામના નરશીભાઈ પુનાભાઈ કાતરીયાની દિકરી સોનલબેન સાથે પ્રેમ લગ્ન કરેલ હતાં. તે વાતનું મન દુઃખ રાખી ગત તા. ૬ના રોજ સાંજના આશરે સાડા આઠેક વાગ્યાના અરસામાં યુવકજુની

અનુસંધાન પાના ૬ ઉપર

---








**ક્રિષ્ના ડાઈનીંગ હોલ**

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬

હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.

**રમેશભાઈ આર. શિંગાળા**
**૯૮૨૫૫ ૪૬૯૦૨**





*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)